*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com


Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




વીર સં. ૨૫૦૫, સપ્ટેમ્બર [ ૪૩૧ ] વર્ષ ૩૬: અંક ૩




૧. હે નાથ! આપની સ્તુતિ–પૂજન કરવાથી આરંભ આદિ વડે થોડું પાપ અવશ્ય થાય છે. પરંતુ જેમ શીતળ તથા કલ્યાણકારી જળથી ભરેલા મહાસાગરને વિષનું એક ટીપું ખરાબ કરી શકતું નથી તેમ જિન–પૂજનના પુષ્કળ પુણ્યરાશી પાસે તે અલ્પ પાપ અફળ બની જાય છે.

( શ્રી સમંતભદ્રઆચાર્ય–બૃહદ સ્વયંભૂ સ્તોત્ર, શ્લોક ૫૮ )

૨. અનંત સંસાર પરિભ્રમણ કરી રહેલો એવો હું હવે એ અનાદિ પરિભ્રમણના આત્યંતિક અભાવને અર્થે પૂર્વે ક્યારેય પણ નહિ ભાવેલી, નહિ ચિંતવેલી અને નહિ પ્રતીત કરેલી એવી સમ્યગ્દર્શનાદિક નિર્મળ ભાવનાને ભાવું, આરાધું તથા પૂર્વે અનંતવાર ભાવેલી એવી મિથ્યાદર્શનાદિક દુર્ભાવનાનો ત્યાગ કરું. ( શ્રી ગુણભદ્રઆચાર્ય–આત્માનુશાસન, શ્લોક ૨૩૮ )

૩. જે યોગી કલ્પનાના ભયથી ( –નિર્વિકલ્પ ધ્યાન નહિ થઈ શકે એવા ભયથી ) શ્રુતજ્ઞાનની ભાવનાનું આલંબન કરતાં નથી તે અવશ્ય પોતાના આત્માના વિષયમાં મોહિત થઈ જાય છે તથા અનેક બાહ્ય ચિંતાઓને પણ ધારણ કરે છે તેથી મોહનો નાશ કરવા માટે તથા બાહ્ય ચિંતાઓને દૂર કરવા માટે અને એકાગ્રતાની સિદ્ધિ કરવા માટે સૌથી પહેલા પોતાના આત્માનો વિચાર કરવો જોઈએ.

( શ્રી નાગસેન મુનિરાજ–તત્ત્વાનુશાસન, શ્લોક ૧૪૫–૧૪૬ )

૪. જે આંધળા અને લંગડાનો ભેદ બરાબર જાણે છે તે બન્નેના સંયોગના કારણે ભ્રમમાં પડી લંગડાની દૃષ્ટિને આંધળામાં આરોપતો નથી–અર્થાત્ આંધળાને દૃષ્ટિહીન અને લંગડાને દૃષ્ટિવાન સમજે છે. તેવી રીતે ભેદજ્ઞાની–અંતરાત્મા, આત્મા અને શરીરના સંયોગ સંબંધથી ભ્રમમાં પડી કદી પણ શરીરમાં આત્માની કલ્પના કરતો નથી અર્થાત્ તે શરીરને ચેતના રહિત જડ અને આત્માને જ્ઞાન–દર્શનસ્વરૂપ જ સમજે છે.

( શ્રી પૂજ્યપાદ આચાર્ય–સમાધિતંત્ર, શ્લોક ૯૨ )

વાર્ષિક લવાજમ છ રૂપિયા

વર્ષ ૩૬ અંક ૩




વીર સંવત ૨૫૦૫

A.D.1979 SEPT.


# ક્રમબદ્ધ દ્વારા આત્માના અકર્તાપણાની સિદ્ધિ

આ બહુ સરસ ગાથા છે. આ ગાથા મોક્ષ અધિકારની ચૂલિકા છે. અહીં આચાર્યદેવ આત્માનું અકર્તાપણું બતાવે છે. અકર્તાપણું એટલે કે જ્ઞાયકસ્વભાવની સિદ્ધિ ક્રમબદ્ધ દ્વારા કરી છે. એક પછી એક થાય ને જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય તેનું નામ ક્રમબદ્ધ છે. દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય છે એટલે કે તેને અન્ય દ્રવ્ય તો કરતું નથી પણ તે પર્યાયને તે દ્રવ્ય પણ આઘી–પાછી કરી શકે–ફેરફાર કરી શકે એમ પણ નથી. ક્રમબદ્ધ તો મહાસિદ્ધાંત છે. ક્રમબદ્ધનો સાચો નિર્ણય કરવા જાય ત્યાં દ્રષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર જાય છે અને ત્યારે જ ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. ક્રમબદ્ધ પર્યાયના આશ્રયે ક્રમબદ્ધનો નિર્ણય નહિ થાય, અકર્તાસ્વભાવની દ્રષ્ટિ કરવાથી ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. માટે ક્રમબદ્ધના નિર્ણયમાં પુરુષાર્થનો નિષેધ થઈ જતો નથી પણ ક્રમબદ્ધના નિર્ણયમાં દ્રવ્યસ્વભાવનો અનંતો પુરુષાર્થ છે. અકર્તાપણું એ નાસ્તિનું કથન છે. ક્રમબદ્ધ દ્વારા જ્ઞાયકસ્વભાવની અહીં સિદ્ધિ કરવામાં આવી છે.

[ શ્રી સમયસાર ગાથા ૩૦૮/૩૧૧ ઉપર શિક્ષણ–શિબિર દરમિયાન પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાંથી ]

આ ગાથા મોક્ષ અધિકારની ચૂલિકા છે. પ્રથમ તો અર્થાત્ મુખ્ય વાત તો એ કહેવી છે કે એક પછી એક જે પરિણામ થાય છે તે ક્રમબદ્ધ થાય છે. આગળ–પાછળ થતા નથી ને પરથી થતા નથી. જે જીવની જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય છે અને તે પર્યાયનો તે જ સ્વકાળ છે, જન્મક્ષણ છે એક પછી એક થાય પણ ગમે તે પર્યાય થાય તેનું નામ ક્રમબદ્ધ નથી પણ એક પછી એક થાય ને જે પર્યાય થવાની છે તે જ થાય તેનું નામ ક્રમબદ્ધ છે. એ ક્રમબદ્ધનું તાત્પર્ય શું છે કે આત્માનું અકર્તૃત્વ સિદ્ધ કરવું છે. દરેક દ્રવ્યમાં જે સમયે જે પર્યાય થવાની તે જ થવાની, તેમાં ફેરફાર કરવા જિનેન્દ્ર પણ સમર્થ નથી.

ક્રમબદ્ધ સિદ્ધ કરવા માટે આ ગાથા નથી પણ ક્રમબદ્ધ બતાવીને આત્માનું અકર્તૃત્વ સિદ્ધ કરવું છે. ક્રમબદ્ધ દ્વારા અકર્તૃત્વપણું સિદ્ધ કરવું છે. જો કે અકર્તૃત્વ તો નાસ્તિથી કથન છે, ખરેખર તો જ્ઞાતાપણું સિદ્ધ કરવું છે.

જે સમયે જે પર્યાય થવાની તે જ થવાની છે, પણ તેનો નિર્ણય ક્યારે થાય ? કે હું અકર્તા છું એમ નિર્ણય કરે ત્યારે. એવો નિર્ણય ક્યારે થાય ?–કે હું જ્ઞાયક છું એમ જ્ઞાયકની દ્રષ્ટિ થાય ત્યારે અકર્તૃત્વનો નિર્ણય થાય. જ્ઞાયકની દ્રષ્ટિ થતાં જ્ઞાતાપણાનો નિર્ણય થાય છે. તેથી ક્રમબદ્ધનો નિર્ણય જ્ઞાતાપણાના નિર્ણય તરફ લઈ જાય છે એટલે કે જ્ઞાયકની દ્રષ્ટિ થાય છે.

ક્રમબદ્ધનો નિર્ણય કરે છે તેને અકર્તાપણાની બુદ્ધિ થાય છે. અકર્તાપણાની બુદ્ધિ કહેવી એ નાસ્તિનું કથન છે. અસ્તિથી કહીયે તો ક્રમબદ્ધનો નિર્ણય કરે છે તેને જ્ઞાયકની દ્રષ્ટિ થાય છે, જ્ઞાતાપણાની દ્રષ્ટિ થાય છે. મારો સ્વભાવ સર્વજ્ઞ છે, હું તો સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ છું. પૂરણ પ્રભુ હું છું. સર્વજ્ઞશક્તિ જેવી બીજી અનંતી શક્તિઓ મારામાં છે પણ એ ગુણ–ગુણીના ભેદનું લક્ષ છોડીને એકરૂપ પરિપૂર્ણ દ્રવ્ય તે હું છું–એમ દ્રવ્યનું લક્ષ થાય ત્યારે સર્વજ્ઞનો નિર્ણય થાય છે ને ત્યારે સર્વજ્ઞે દીઠું એમ થશે એવો નિર્ણય થાય છે.

ક્રમે પણ નિયમિત અર્થાત્ નિશ્ચયથી અર્થાત્ જે સમયે જે પર્યાય થવાની છે તે જ પર્યાય થાય છે. તેથી પરનું તો કરવું ક્યાંય રહ્યું પણ પોતાની પર્યાયમાં પણ કાંઈ ફેરફાર કરી શકતો નથી. સ્ત્રી–પુત્ર આદિનું કરી શકું એ તો ક્યાં રહ્યું ? પણ પુણ્ય–પાપના પરિણામ પણ મારા છે એ માન્યતા મિથ્યાત્વ છે. કેમ કે પોતાના સર્વજ્ઞ સ્વભાવનો નિર્ણય કરે તેમાં પુણ્ય–પાપના ભાવ તો મારાથી ભિન્ન છે તેથી દયા–દાન આદિના વિકારી પરિણામ હું કરું એ માન્યતા મિથ્યાત્વ છે.

જે સમયે જે દ્રવ્યની જે પર્યાય થવાની છે તે જ થશે, આઘી–પાછી થશે નહીં. પણ એવો નિર્ણય ક્યારે થાય? –કે સ્વસન્મુખ થઈ જ્ઞાયકની દ્રષ્ટિ કરે ત્યારે ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. મારી ચીજ અનંતગુણથી ભરેલી મોજૂદ પડી છે એમ જેને દ્રવ્યસ્વભાવનો નિર્ણય થાય તેને ક્રમબદ્ધનો નિર્ણય થાય છે. પરનું લક્ષ છોડીને, પર્યાયનું લક્ષ છોડીને, જ્ઞાયકનું લક્ષ કરે છે ત્યારે ક્રમબદ્ધનો નિર્ણય થાય છે. ક્રમબદ્ધમાં પુરુષાર્થ ક્યાં રહ્યો ?–કે ક્રમબદ્ધનો નિર્ણય કરવા જશે ત્યાં પ્રભુતા ઉપર–દ્રવ્ય ઉપર તારી દ્રષ્ટિ જશે અને એ જ અનંતો પુરુષાર્થ છે. ક્રમબદ્ધનો નિર્ણય કરવા જતાં સ્વભાવ તરફ દ્રષ્ટિ જાય છે એ જ પુરુષાર્થ છે.

જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,
જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.
જીવ–અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,
તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.
ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,
ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.
રે! કર્મ–આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે
આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.

## * જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે *

અહીં આચાર્ય મહારાજ કહે છે કે અમારી મુદ્દાની વાત એ છે કે જીવમાં ક્રમબદ્ધ જે પરિણામ ઉત્પન્ન થાય તે જીવ જ છે. પરિણામને ‘જીવ જ છે’ એમ કહ્યું. આત્મામાં સમયે સમયે જે પરિણામ થાય તે જીવ જ છે, તે પરિણામને જીવ જ કહે છે. એ પરિણામ ક્યાં ?–કે દ્રવ્યસ્વભાવનો નિર્ણય કરતાં અનંતગુણી અનંતી પર્યાય વ્યક્ત થાય તે પરિણામને અહીં જીવ જ છે તેમ કહ્યું છે. જીવદ્રવ્યના આશ્રયે ક્રમબદ્ધ પરિણામ ઉત્પન્ન થયા તે પરિણામ જીવ જ છે. જીવદ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થયા તે પરિણામ જીવ જ છે, તે અજીવ નથી એટલે કે પોતાના પરિણામ પોતાથી જ છે ને પરથી નથી. કર્મના ક્ષયોપશમથી પોતાના પરિણામ થાય એ વાત છે જ નહીં. પોતાની સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થવામાં કર્મનો ક્ષયોપશમ કારણ છે એમ છે જ નહીં. જીવના પરિણામ છે તે જીવ જ છે, અજીવ નથી અર્થાત્ જીવના પરિણામ ઉત્પન્ન થયા તે જીવથી જ થયા છે, અજીવથી ઉત્પન્ન થયા નથી, કર્મથી એ પરિણામ થયા નથી.

જીવમાં જે પર્યાય થાય છે તે પરથી તો થતી નથી પણ આઘી–પાછી પણ થતી નથી. જે સમયે જે પર્યાય ઉત્પન્ન થાય છે તે ક્રમનિયમિત અર્થાત્ ક્રમ અને નિયમિત એટલે કે ક્રમે થાય છે ને જે થવાની નિશ્ચિત છે તે જ થાય છે, તેનું નામ ક્રમબદ્ધ છે. જે સમયે જે દ્રવ્યની જે પર્યાય ઉત્પન્ન થવાની છે તે જ થશે.–એ કહેવાના ભાવનું તાત્પર્ય શું? –કે તાત્પર્ય વીતરાગતા છે. એટલે શું? –કે જે સમયે જે પર્યાય થવાની છે તે જ થશે–એવો નિર્ણય કરવા જતાં અકર્તા થઈ જશે. ક્રમબદ્ધનું તાત્પર્ય અકર્તૃત્વ છે. ક્રમબદ્ધનો નિર્ણય ક્રમબદ્ધપર્યાયના આશ્રયે નહીં થાય, અકર્તાસ્વભાવની દ્રષ્ટિ કરવાથી ક્રમબદ્ધનો નિર્ણય થશે. વીતરાગતા પ્રગટ કરવાનું તાત્પર્ય છે પણ પર્યાયના આશ્રયે વીતરાગતા ઉત્પન્ન નહીં થાય, જ્ઞાયકની દ્રષ્ટિ કરવાથી વીતરાગતા ઉત્પન્ન થશે. ક્રમબદ્ધનું તાત્પર્ય વીતરાગતા છે ને વીતરાગતા વીતરાગ સ્વરૂપ ભગવાન આત્માના આશ્રયે ઉત્પન્ન થાય છે.

જે સમયે જે પર્યાય થવાની છે તે જ થશે, આગળ–પાછળ થાય એવી વસ્તુ પર્યાયમાં નથી–એવી વસ્તુસ્થિતિ નથી. પરંતુ ક્રમબદ્ધ પ્રમાણે થશે એવો યથાર્થ નિર્ણય ક્યારે થાય? –કે સ્વદ્રવ્યનું લક્ષ કરે, દ્રષ્ટિ કરે ત્યારે ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય. સ્વકાળે પર્યાય થાય છે એમ નિર્ણય ક્યારે થાય? –કે પરના આશ્રયે તો એ નિર્ણય ન થાય પણ પર્યાયના આશ્રયે પણ એ નિર્ણય ન થાય, સ્વદ્રવ્યના આશ્રયે જાય ત્યારે એ નિર્ણય યથાર્થ થાય. સર્વજ્ઞે દીઠું એમ થશે એમ નિર્ણય કરવામાં હું સર્વજ્ઞ સ્વરૂપી છું એમ દ્રષ્ટિ સ્વતરફ વળી જાય છે. સર્વજ્ઞસ્વભાવી ભગવાનની દ્રષ્ટિ થાય છે ત્યારે સર્વજ્ઞે દીઠું એમ સાચો નિર્ણય થાય.

અહીં અકર્તાપણું સિદ્ધ કરવું છે. અકર્તાપણું એટલે જ્ઞાતાપણું સિદ્ધ કરવું છે. કોઈ કહેશે કે જે સમયે જે પર્યાય થવાની તે થશે, તો પુરુષાર્થ ક્યાં રહ્યો? –કે જે સમયે જે પર્યાય થવાની તે થશે એમ નિર્ણય કરવા જાય ત્યાં અકર્તાસ્વભાવની દ્રષ્ટિ થાય છે ને તે જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધના નિર્ણયમાં સ્વનો આશ્રય હોવાથી ભવના અંતની–સમ્યગ્દર્શનની પર્યાય ક્રમબદ્ધ ઉત્પન્ન થાય છે.

જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે. એ પરિણામોથી ઊપજતો થકો એ પરિણામ જીવ જ છે અજીવ નથી. જીવ તો દ્રવ્ય છે ને પરિણામ એક સમયની પર્યાય છે તો પરિણામ જીવ જ છે કઈ રીતે? –કે અહીં તો પોતાના પરિણામથી ઊપજતો થકો એ પરિણામ જીવ જ છે એમ કહીને પરદ્રવ્યથી પોતાના પરિણામ ઊત્પન્ન થતા નથી એમ કહેવું છે. સમ્યગ્દર્શનના પરિણામ ઉત્પન્ન થાય એ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયા નથી.

ગુણો છે તે સહવર્તી છે અર્થાત્ એક સાથે રહે છે, પર્યાય છે તે ક્રમવર્તી છે. અહીં પર્યાયને ક્રમબદ્ધ કહી છે. દરેક સમયે તે તે પર્યાય વ્યવસ્થિત છે તેથી આઘી–પાછી ઉત્પન્ન થાય કે નિમિત્તથી થાય એમ નથી. આત્મામાં ભાવગુણ નામનો એક ગુણ છે, તે ગુણનું કાર્ય શું? –કે જે સમયે જે પર્યાય થવાની છે તે થાય છે અને ભાવગુણનું રૂપ અનંત ગુણોમાં હોવાથી દરેક ગુણનું તે તે સમયે જે પરિણમન થવાનું છે તે જ થાય છે. જે સમયે જે પર્યાય થવાની છે તે ભાવગુણથી થાય છે અને બીજે સમયે પૂર્વ પર્યાયનો વ્યય થાય છે તે ભાવ–અભાવ નામના ગુણનું કાર્ય છે. તેથી ભાવ–અભાવ ગુણના લઈને પૂર્વ પર્યાયનો વ્યય થશે જ અર્થાત્ વિકારી પર્યાયનો અભાવ થઈને નિર્વિકારી પર્યાય થશે જ, તેથી વિકારી પર્યાયનો વ્યય કરું એ પણ રહેતું નથી.

ભાવ નામના ગુણને લઈને તે સમયે તે પર્યાય થશે, થશે ને થશે. તેથી પર્યાયને કરું એવી દ્રષ્ટિ રહેતી નથી, ક્યારે? –કે વસ્તુની દ્રષ્ટિ થાય ત્યારે. હું આ પર્યાય કરું એવા વિકલ્પનું પણ લક્ષ રહેતું નથી. કેમ કે તેનું લક્ષ તો વસ્તુ ઉપર છે. ક્રમબદ્ધનો જ્યાં નિર્ણય કરવા જાય છે ત્યાં ક્રમબદ્ધમાં નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે. ખરેખર તો પર્યાય સત્ છે, તેથી જે પર્યાય થવાની છે તે જ થશે, થશે ને થશે.

અહીં ગાથામાં કહે છે કે જીવ પોતાના ક્રમબદ્ધ પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે. તેમાં વિકારી પરિણામની વાત નથી પણ વિકારી પરિણામનું જ્ઞાન થયું એ નિર્મળ પરિણામ તે જીવ છે એમ કહેવું છે. કેમ કે ક્રમબદ્ધનો જ્યાં નિર્ણય કરવા જાય છે ત્યાં દ્રવ્યની દ્રષ્ટિ થતાં નિર્મળ પરિણામ ક્રમબદ્ધ ઉત્પન્ન થાય છે, તે પરિણામ જીવ જ છે એમ કહેવું છે. વિકાર છે તો ખરો પણ વિકારના જ્ઞાનના પરિણામની વાત છે, કેમ કે ક્રમબદ્ધથી અકર્તાપણું બતાવવું છે ને? અને અકર્તાપણું એટલે જ્ઞાતાપણું. તેથી વિકાર હોવા છતાં વિકારી પરિણામની વાત લેવી નથી પણ વિકારી પરિણામના જ્ઞાનની વાત લેવી છે કે એ પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી.

ખરેખર તો ક્રમબદ્ધના નિર્ણયમાં સમ્યગ્દર્શન થયું અને એ વખતે જે રાગ છે તેનું જ્ઞાન પણ થયું, માટે રાગને જાણ્યો છે એમ નથી, પણ રાગ સંબંધી જ્ઞાનને જ્ઞાને જાણ્યું છે અને એ પરિણામ તો જીવ જ છે, અજીવ નથી. રાગના પરિણામને જાણવાનું થયું એ રાગના લઈને થયું નથી, કેમ કે પોતાના સ્વપર પ્રકાશક સ્વભાવથી એ જ્ઞાન થયું છે અને એ જ્ઞાનપરિણામ તો જીવ જ છે, અજીવ નથી.

જ્યારે ક્રમબદ્ધનો નિર્ણય કરે છે એટલે કે જે સમયે જે પર્યાય થવાની છે તે જ થશે એમ નિર્ણય કરવા જતાં એટલે કે સર્વજ્ઞ સ્વભાવી દ્રવ્યનો નિર્ણય કરે છે ત્યાં

જેટલા અનંત ગુણ છે તેનું નિર્મળ પરિણમન થઈ ગયું. એ પરિણામો જ જીવ છે, અજીવ નથી. એ નિર્મળ પર્યાય જીવની છે માટે તે જીવ જ છે.

આત્મામાં ભાવ નામની બે શક્તિ (–૩૩ મી તથા ૩૯ મી) છે. એક ભાવ નામના ગુણથી જે સમયે જે પર્યાય થવાની છે તે થશે, એ ભાવગુણનુરૂપ અનંત ગુણોમાં હોવાથી અનંત ગુણોની જે સમયે જે પર્યાયો થવાની છે તે થશે જ. બીજો ભાવ નામનો ગુણ છે તેનું પરિણમન શું? –કે વિકાર રહિતપણે પરિણમવું તે બીજા ભાવ નામના ગુણનું કાર્ય છે.

પરિણામોથી ઊપજતો થકો એટલે કે રાગાદિ થાય છે તે સંબંધી પોતાના જ્ઞાનને જાણતો થકો–પરને જાણતો નથી પણ તે સંબંધી પોતાના જ્ઞાનને જાણતો થકો–જીવ જ છે. વિકારનું જ્ઞાન થયું એ જ્ઞાન પોતાના પરિણામ છે એ જીવ જ છે, અજીવ નથી એટલે કે રાગનું જ્ઞાન રાગથી થયું નથી.

### * ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે *

એવી રીતે અજીવ પણ પોતાના ક્રમબદ્ધ પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, એટલે કે શરીરની જે ક્રમબદ્ધ પર્યાય ઉત્પન્ન થવાની હતી તે શરીરથી–પુદ્‌ગલથી થઈ છે, આત્માની ઇચ્છાથી થઈ છે એમ નથી. મંદિર બને છે તે કડિયા આદિથી બનતું નથી પણ તેના પુદ્‌ગલપરમાણુથી થાય છે. ભાષા નીકળે છે તે પુદ્‌ગલની ક્રમબદ્ધ પર્યાય છે, તેનો કર્તા આત્મા નથી. શરીર–વાણી–મન આદિ પુદ્‌ગલ છે, તેના પરિણામ ક્રમબદ્ધ ઉત્પન્ન થાય છે, તેમાં જીવ કોઈ સુધારો–વધારો કરી શકે એ વાત તદ્દન મિથ્યા માન્યતા છે.

અજીવ પણ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી એટલે કે જીવથી ઉત્પન્ન થયા નથી. ભાષા નીકળે છે તે ક્રમબદ્ધમાં તે સમયે પુદ્‌ગલપરમાણુમાં ભાષાની પર્યાય થવાની હતી તે થઈ છે. જીવ તેનો કર્તા નથી. લાકડી ઊંચી–નીચી થઈ તેનો કર્તા જીવ તો નથી પણ આંગળી પણ તેનો કર્તા નથી, એ ક્રિયા તેના પરમાણુની ક્રમબદ્ધમાં તે સમયે જે પર્યાય થવાની હતી તે જ થઈ છે, તેનો કર્તા પરદ્રવ્ય નથી.

એવી રીતે એટલે કે જેવી રીતે જીવ પોતાના ક્રમબદ્ધ પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે તેવી રીતે અજીવ પણ પોતાની ક્રમબદ્ધ પર્યાયથી ઊપજતું થકું અજીવ જ છે. રોટલી બને છે તે સ્ત્રીથી બની નથી, સ્ત્રીની ઇચ્છાથી બની નથી, તાવડીથી બની નથી, વેલણથી બની નથી પણ તે પરમાણુના પોતાના કારણે થઈ છે, અન્ય અજીવ કે

જીવ તે પરિણામને કરે એ ત્રણ કાળમાં બનતું નથી. એક તણખલાના બે ટૂકડા જીવ કરી શકતો નથી, તેના ક્રમબદ્ધમાં તે પર્યાય થવાની હતી તેથી તે થઈ છે. ક્રમબદ્ધમાં જે પર્યાય આવવાની હતી તે જ આવે છે, તેનો કર્તા બીજો જીવ કે અજીવ નથી. પાણી અગ્નિથી ઉષ્ણ થતું નથી, પાણી તેના ક્રમબદ્ધમાં ઉષ્ણ થવાનું હતું માટે થયું છે.

દરેક પરમાણું પોતાની ક્રમબદ્ધ પર્યાયથી ઉત્પન્ન થાય છે પરથી તે પર્યાય થઈ જ નથી. આંગળીમાં સોઈ લાગવાથી લોહી નીકળે છે ને? –કે ના. પણ પ્રત્યક્ષ દેખાય છે ને? –એ તો સંયોગથી જોવે છે માટે એમ લાગે છે. સોઈના પરમાણુ આંગળીના પરમાણુને અડતા જ નથી ને! ત્યાં સોઈથી લોહી નીકળવું તો ક્યાં રહ્યું? –લોહી નીકળવાનું પરિણમન તેના પરમાણુનું કાર્ય છે, સોઈ તેનો કર્તા નથી. આહાહા! અજીવ પણ પોતાના ક્રમબદ્ધ પરિણામથી ઊપજ્યું તે અજીવ જ છે, જીવ નથી એટલે કે સંયોગ દેખાવા છતાં તે પરિણામ બીજા જીવથી કે બીજા અજીવથી થયા નથી.

## * જીવને અજીવની સાથે કાર્યકારણભાવની અસિદ્ધિ *

હવે દ્રષ્ટાંત આપે છે :–

કંકણ–કડા–વીંટી આદિ ઘરેણારૂપે સોનું ઊપજ્યું, તે પર્યાય સાથે સોનું તાદાત્મ્ય છે. તેથી કંકણાદિ પર્યાય સુવર્ણથી બની છે પણ સોનીથી કે તેની હથોડીથી તે પર્યાય થઈ નથી. એ સમયે એ પર્યાય થવાની હતી તે થઈ છે, તે પૂર્વ પર્યાયના વ્યયથી પણ ખરેખર તો થઈ નથી. એ રીતે સર્વ દ્રવ્ય પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે, તેથી પોતાના ક્રમબદ્ધ થતાં પરિણામોનો કર્તા તો દ્રવ્ય પોતે છે.

આમ જીવ પોતાના પરિણામથી ઊપજે છે; અહીં નિર્મળપરિણામની વાત છે. જીવ પોતાના નિર્મળ પરિણામનું કાર્ય તો કરે છે છતાં પરનું કાર્ય નથી કરતો. અહીં ધર્મી જીવની વાત ચાલે છે અર્થાત્ જેને ક્રમબદ્ધનો નિર્ણય થયો છે એવા જીવની વાત ચાલે છે. જે જે દ્રવ્યમાં જે સમયે તેની ક્રમબદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે તે તેના દ્રવ્યની વ્યવસ્થા છે, એ વ્યવસ્થા બીજું દ્રવ્ય કરે છે એમ નથી, કેમ કે બીજું દ્રવ્ય પણ પોતાના પરિણામનું જ કાર્ય કરે છે.

ક્રમબદ્ધના નિર્ણયમાં જ્ઞાયકની દ્રષ્ટિ થતાં સમ્યગ્દર્શનનું કાર્ય થયું તેનો કર્તા કોણ? –કે વાણી સાંભળવાથી કે વાંચવાથી તે કાર્ય થયું નથી પણ જીવમાં કર્તા નામનો ગુણ છે તેથી તેના કારણે તે પર્યાય ઉત્પન્ન થઈ છે. ખરેખર તો નિર્મળપર્યાય કાર્ય ને આત્મા તેનો કર્તા એ પણ ઉપચારથી છે એમ કળશ–ટીકામાં કહ્યું છે. અહીં તો કહે છે કે જીવ પોતાના પરિણામથી ઊપજતો થકો એટલે કે પોતાના નિર્મળ પરિણામરૂપી

કાર્યને કરતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી. આત્મામાં અકાર્યકારણ નામનો ગુણ હોવાથી જીવ પરનું તો કાંઈ કરતો નથી પણ રાગ કર્તા ને નિર્મળ પર્યાય કાર્ય અર્થાત્ વ્યવહારરત્નત્રય કારણ ને ધર્મની પર્યાય કાર્ય એવું કર્તાકર્મપણું સંભવતું નથી.

ભગવાનની વાણી–દિવ્યધ્વનિ છે તે ભગવાનનું કાર્ય નથી, ભગવાનથી થઈ નથી, ભગવાનને તો નિમિત્ત કહેવામાં આવે છે, પણ નિમિત્ત કહેવામાં આવે છે માટે નિમિત્તથી કાંઈ થયું છે એમ નથી. કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત છે ને લોકાલોક કેવળજ્ઞાનને નિમિત્ત છે એમ સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકારમાં કહ્યું છે તેનો અર્થ શું? –કે બીજી ચીજ છે તેનું જ્ઞાન કરાવ્યું છે પણ કેવળજ્ઞાને લોકાલોકની પર્યાય કરી છે કે લોકાલોકથી કેવળજ્ઞાન થયું છે એમ નથી.

જીવ પોતાના પરિણામને તો કરે છે, જીવ પોતાના પરિણામરૂપ કાર્ય તો કરે છે તોપણ તેને અજીવ સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી એટલે કે તોપણ જીવ પરનું કાર્ય કરતો નથી. પોતાના ક્રમબદ્ધનો નિર્ણય કરે છે ત્યારે જ્ઞાયકની દ્રષ્ટિ થતાં નિર્મળ પરિણામ થાય છે તેનો કર્તા તો આત્મા છે તોપણ સાથે જે વ્યવહારરત્નત્રયનો રાગ છે તેનો કર્તા આત્મા નથી.

## * સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ *

જીવ પોતાના પરિણામનો કર્તા હોવા છતાં પરની સાથે કાર્યકારકપણું સિદ્ધ થતું નથી. કેમ?–કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્યો સાથે ઉત્પાદ્ય–ઉત્પાદકભાવનો અભાવ છે. તેથી વાણી ઉત્પાદ્ય ને આત્મા તેનો ઉત્પાદક એવા ભાવનો અભાવ છે. સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પન્ન થવા લાયક ને ઉત્પન્ન કરનાર એવા ઉત્પાદ્ય–ઉત્પાદકભાવનો અભાવ છે. તેથી નિમિત્ત ઉત્પાદક ને નૈમિત્તિક ઉત્પાદ્ય એવા ભાવનો અભાવ છે. દેવ–ગુરુ ઉત્પાદક ને સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પાદ્ય એવો અભાવ છે.

## * કર્તાકર્મની અન્ય નિરપેક્ષતા *

આમ અજીવનું કાર્ય જીવનું કાર્ય સિદ્ધ થતું નથી. તેથી કર્તાકર્મની અન્ય નિરપેક્ષપણે સિદ્ધિ થાય છે. હીરા ઘસતા પાસા પડે છે ને! તેમાં હીરા ઘસનારની અપેક્ષા નથી. શાક પકવે છે તેમાં અગ્નિ કે સ્ત્રીની અપેક્ષા નથી. ભાષા નીકળે છે તેમાં હોઠ હલવાની કે ઇચ્છાની અપેક્ષા નથી. જગતમાં પ્રત્યેક દ્રવ્યના પ્રતિસમયના કાર્યમાં અન્ય દ્રવ્યની અપેક્ષા નથી. તણખલું ઉડે છે તેમાં પવનની અપેક્ષા નથી.

જ્યારે જે દ્રવ્યની જે પર્યાય જે સમયે ઊપજે છે તેમાં પરદ્રવ્યની અપેક્ષા છે

જ નહીં. ઘરમાં તીજોરીમાં પૈસા મૂકે છે-કોઈ ચોરી ન જાય માટે-તેમાં તીજોરીના લઈને પૈસા રહ્યા નથી. તાળું બંધ થયું તેમાં ચાવીની અપેક્ષા નથી. આહાહા! ક્રમબદ્ધમાં કર્તાકર્મની અન્ય-નિરપેક્ષતા નાખી તે ક્રમબદ્ધની વિશેષ પુષ્ટિ માટે નાખી છે. ભગવાનની વાણી સાંભળવાથી કે વાંચવાથી જ્ઞાન થાય એ વાત છે જ નહીં! જ્ઞાન થવામાં વાણી કે શાસ્ત્રની અપેક્ષા છે જ નહીં!

ચશ્માને લઈને વાંચવામાં આવે છે ને?-કે ચશ્માંથી સર્વથા નિરપેક્ષપણે વાંચવું થયું છે! ચશ્મા અન્ય વસ્તુ છે ને જાણવાની પર્યાય અન્ય છે. ક્રમબદ્ધનો આ નીચોડ છે કે પ્રત્યેક સમયે પ્રત્યેક દ્રવ્યની જે પર્યાય ઉત્પન્ન થાય છે તેને પરની અપેક્ષા છે જ નહીં. માળા ગણે છે-ફેરવે છે તેમાં આંગળીની અપેક્ષા નથી. તે પર્યાય તેના સમયે ક્રમબદ્ધપણે થવામાં તે કાર્યનો કર્તા તે તે દ્રવ્ય પોતે છે, તેમાં પરદ્રવ્યની બિલકુલ અપેક્ષા નથી. થાબડીને રોટલા ગોળ કરે છે ને!-તેમાં હાથની બિલકુલ અપેક્ષા નથી. દૂધીના ટૂકડા છરીથી થયા એ વાત જૂઠી છે, ટૂકડા થવામાં છરીની અપેક્ષા છે જ નહીં.

કર્મના ક્ષયોપશમથી આત્મામાં જ્ઞાનનો વિકાસ થાય છે ને?-કે ના, કર્મના ક્ષયોપશમથી નિરપેક્ષપણે જ્ઞાનનો વિકાસ થાય છે. કોઈ પણ પદાર્થની જે સમયે જે પર્યાય થવાની છે તે પર્યાયનો-કાર્યનો કર્તા દ્રવ્ય છે, તેમાં પરદ્રવ્યની અપેક્ષા છે જ નહીં. તે કાર્યકાળે નિમિત્તની ઉપસ્થિતિ હો, પણ તે કાર્યમાં નિમિત્તની અપેક્ષા છે જ નહીં. કાંડામાં ઘડિયાળ છે ને! -તે કાંડાના આધારે છે જ નહીં. ચાલે છે તેમાં જમીનની અપેક્ષા છે જ નહિ. જમીનને પગ અડતો નથી. ભગવાનના દર્શન કરતાં શુભભાવ થાય છે ને! -તે શુભભાવ થવામાં ભગવાનની અપેક્ષા નથી.

પ્રત્યેક પદાર્થની જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાનો કાળ છે તેનો કર્તા નિમિત્ત નથી, નિમિત્ત ઉપસ્થિત હોય છે પણ ઉપાદાનની પર્યાય થવામાં કોઈ નિમિત્તની અપેક્ષા છે જ નહીં. રાગની મંદતાનો વ્યવહાર હતો માટે નિશ્ચયની ઉત્પત્તિ થઈ એમ નથી. સમ્યગ્દર્શનની પહેલા અશુભભાવ હોતો જ નથી, શુભભાવ જ હોય છે, છતાં સમ્યગ્દર્શન ઉત્પાદ્ય ને શુભરાગ ઉત્પાદક એમ છે જ નહીં.

કર્તાકર્મની અન્ય દ્રવ્યથી નિરપેક્ષતા છે. પર્યાય કાર્ય અને દ્રવ્ય કર્તા છે પણ પર્યાય કાર્ય ને નિમિત્ત કર્તા કે નિમિત્તની અપેક્ષા છે એમ નથી. ભગવાનના દર્શન કર્યા તો

શુભરાગ થયો પણ સ્ત્રીને જોવાથી શુભભાવ કેમ ન થયો? માટે ભગવાનના દર્શનથી શુભભાવ થયો છે ને?–કે ના, દરેક દ્રવ્યમાં જે સમયે જે પર્યાયની ઉત્પત્તિનો ક્રમ છે તે પર્યાય તે કાળે થઈ છે, તેમાં પરદ્રવ્યની બિલકુલ અપેક્ષા નથી. જ્ઞાનમાં હીનાધિકતા થવામાં જ્ઞાનાવરણી કર્મની બિલકુલ અપેક્ષા નથી.

ક્રમબદ્ધની પુષ્ટિ માટે કર્તાકર્મની અન્યનિરપેક્ષપણાની વાત લીધી છે. પ્રત્યેક દ્રવ્યમાં તે તે સમયે જે જે પર્યાય ઉત્પન્ન થવાની હતી તે થઈ તેમાં પરદ્રવ્યની બિલકુલ અપેક્ષા નથી. જે દ્રવ્યમાં જે સમયે જે કાર્ય થવાનું હતું તે પરકારકોની અપેક્ષા વિના થયું છે. મોટર ચાલે છે, તે પેટ્રોલથી ચાલતી નથી, પૈડાની અપેક્ષાથી ચાલતી નથી ને તેમાં બેઠેલ શરીરનું ગમન મોટરથી થયું નથી. દવાથી શરીરનો રોગ મટતો નથી. રોગ થયો તે અશાતા કર્મના ઉદયથી થયો છે તેમ નથી.

જે સમયે જે દ્રવ્યની જે પર્યાય થાય છે તેમાં અન્ય દ્રવ્યની અપેક્ષા નથી. કેવળ–જ્ઞાનની પર્યાય થાય છે તેમાં કર્મના ક્ષયની અપેક્ષા નથી. સમ્યગ્દર્શન ઉત્પન્ન થવામાં દર્શનમોહનીય કર્મના અભાવની અપેક્ષા નથી. પોતાની પર્યાય પોતાથી છે, તેમાં અન્યની અપેક્ષા નથી. જે જે સમયે જે જે દ્રવ્યની જે જે પર્યાય થાય છે તેમાં ઉચિત નિમિત્ત ઉપસ્થિત હોય છે પણ તે તે પર્યાય થવામાં નિમિત્તની અપેક્ષા નથી.

કોઈ પણ દ્રવ્યની પર્યાયના કર્તાકર્મ ભિન્ન ભિન્ન હોય એમ બને નહીં અર્થાત્ એક દ્રવ્યની પર્યાયનો કર્તા અન્ય દ્રવ્ય હોય એમ બને નહીં. અરેરે! આવું પરમ સત્ય ક્યારે સમજશે! મનુષ્યભાવ માંડ મળ્યો છે ને આ નિર્ણય નહીં કરે તો એમ ને એમ ભવ ચાલ્યો જશે! આહાહા! ગજબ વાત કરી છે. નિમિત્તની ઉપસ્થિતિ હો પણ ઉપાદાન કાર્યમાં તેની કોઈ અપેક્ષા નથી. અરે! શુભભાવના કાળમાં શુભભાવનો જ્ઞાતાદ્રષ્ટા રહે તેમાં જાણવામાં શુભભાવની અપેક્ષા નથી અને શુભભાવમાં ભગવાનના દર્શનની અપેક્ષા નથી. આહાહા! વ્યવહાર આવે છે, હોય છે પણ નિશ્ચયમાં તેની અપેક્ષા નથી.

કર્તાકર્મની અન્ય નિરપેક્ષપણે સિદ્ધિ હોવાથી એટલે કે અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે સ્વદ્રવ્યમાં કર્તાકર્મની સિદ્ધિ હોવાથી જીવને પોતાના સિવાય અન્ય જીવ અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી. એ રીતે ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ થાય છે.




* માટીમય ઘડાને ઘીનો ઘડો કહેવું તે વ્યવહાર કથન છે એટલે તે વ્યવહાર જૂઠો છે. કેમ કે ઘડો ઘીમય નથી પણ માટીમય છે. તેમ દ્રવ્ય તે નિશ્ચય અને પર્યાય તે વ્યવહાર અને એ વ્યવહાર ઘીના ઘડાના વ્યવહારની જેમ જૂઠો છે તેમ નથી. કેમ કે ઘડો ઘીમય નથી તેમ પર્યાય છે જ નહિ તેમ નથી. પર્યાય અસ્તિરૂપ છે. પર્યાયને વ્યવહાર કહી પણ તે નથી તેમ નથી. રાગ છે તે અસદ્ભૂત વ્યવહારનયનો વિષય છે અને નિર્મળ પર્યાય છે તે સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. એ પર્યાયોને અભૂતાર્થ કહી છે તેથી તે પર્યાયો છે જ નહિ ઘીના ઘડાની જેમ જૂઠી છે તેમ નથી. ક્ષાયિક આદિ ચાર ભાવોને પરદ્રવ્ય અને પરભાવ કહ્યા છે એથી એ પર્યાયો છે જ નહીં ને જૂઠી છે તેમ નથી. ઘડો કુંભારે કર્યો તેમ કહેવું તે જૂઠું છે, તેમ શુદ્ધ અશુદ્ધ પર્યાયોને વ્યવહાર કહ્યો તેથી તે પર્યાયો જૂઠી છે તેમ નથી. જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ આદિ પર્યાયો તે પર્યાયનયનો વિષય છે, તે વ્યવહારનયે ભૂતાર્થ છે, પર્યાય નથી તેમ નથી. ઘીનો ઘડો નથી તેમ વ્યવહારનયનો વિષય-પર્યાય નથી જ તેમ નથી. દ્રવ્યાર્થિકનયથી પર્યાયને અભૂતાર્થ કહી તેથી પર્યાય છે જ નહિ તેમ નથી પણ નિશ્ચયની મુખ્યતાથી પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને ત્યાંથી દ્રષ્ટિ છોડાવવાના પ્રયોજનથી તેમ કહ્યું છે, પણ તેથી પર્યાય સર્વથા છે જ નહિ તેમ નથી. ઘીનો ઘડો કહેવું તે જૂઠું છે તેમ બધોય વ્યવહાર ઘીના ઘડાની જેમ સર્વથા જૂઠો જ છે તેમ નથી. નયોના કથનને જ્યાં જેમ હોય તેમ સમજવું જોઈએ. જો બરાબર ન સમજે તો વિપરીતતા થઈ જાય.

પ્રશ્ન :-વ્યવહારનો બહુ નિષેધ કરવા જેવો નથી એમ પંચ-સંગ્રહમાં કહ્યું છે તેનો શું આશય છે?

ઉત્તર :-ભગવાનના દર્શન-પૂજન-ભક્તિ-શાસ્ત્ર-શ્રવણ-સ્વાધ્યાય આદિ વ્યવહાર હોય છે.

એ વ્યવહારના પરિણામ આવે છે. તેનો નિષેધ કરવા જઈશ તો પછી જિનદર્શન શ્રવણ આદિ કાંઈ રહેતું નથી. પર્યાયમાં પંચમહાવ્રત આદિના પરિણામનો વ્યવહાર હોય છે. નવ દેવના દર્શન ભક્તિ આદિનો વ્યવહાર હોય છે તેને માને જ નહિ તો તે મિથ્યાદૃષ્ટિ છે અને તે વ્યવહારથી ધર્મ થાય તેમ માને તોપણ તે મિથ્યાદૃષ્ટિ છે. પર્યાય છે અને પર્યાયમાં અનેક પ્રકારના શુભરાગનો વ્યવહાર છે તેને માને જ નહિ તો મિથ્યાદૃષ્ટિ છે. તીર્થંકર ભગવાનના કલ્યાણકોમાં ઇન્દ્રાદિ દેવો કરોડો દેવોની સેના સહિત દર્શન પૂજન આદિ માટે આવે છે. ભલે તે વ્યવહાર છે તો હેય, પણ તે ભાવ આવે છે, આવ્યા વિના રહેતો નથી. તે જાણવા યોગ્ય છે, તેને યથાવત્ જાણે જ નહિ તો મિથ્યાદૃષ્ટિ છે. એક બાજુ કહે કે નિર્મળ ક્ષાયિક પર્યાયનું પણ લક્ષ કરે તો રાગ થાય છે. તેથી તે નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય કહીને હેય કહી અને બીજી બાજુ શુભરાગનો વ્યવહાર આવે છે. હોય છે, તેને જાણે નહિ–માને નહિ તો તે મિથ્યાદૃષ્ટિ છે. દેવ–શાસ્ત્ર–ગુરુ એ વ્યવહારનો વિષય છે, તેને જાણવો તો જોઈએ. ભલે તે આશ્રય યોગ્ય નથી પણ જાણવા યોગ્ય તો બરાબર છે, વ્યવહાર છે તેમ નહિ જાણે તો મિથ્યાદૃષ્ટિ થઈ જશે. જૈનધર્મ અનેકાન્ત છે, તે બરાબર સમજવા જેવો છે, તે નહિ સમજે તો એકાન્ત થઈ જશે.

પ્રશ્ન :–આત્મદ્રવ્યનો મહિમા વિશેષ છે કે તે દ્રવ્યને લક્ષમાં લેનારી પર્યાયનો મહિમા વિશેષ છે?

ઉત્તર :–આત્મદ્રવ્યનો મહિમા વિશેષ છે. પર્યાય દ્રવ્યનું લક્ષ કરે ત્યારે મોક્ષમાર્ગની શરૂઆત થાય છે તે અપેક્ષાએ પર્યાયનો મહિમા કહેવાય, પણ પર્યાય તો એક સમયની છે અને દ્રવ્ય તો પર્યાયથી અનંત અનંત ગુણા સામર્થ્યવાળું ત્રિકાળી મહાપ્રભુ છે, તેથી દ્રવ્યનો મહિમા જ વિશેષ છે.

પ્રશ્ન :–દ્રવ્યાનુયોગ પ્રમાણે શ્રાવકને શુદ્ધોપયોગથી ધર્મ થાય અને ચરણાનુયોગ પ્રમાણે શ્રાવકને, મુનિને આહારદાન દેવાથી પણ ધર્મ થાય છે?

ઉત્તર :–શ્રાવકને, મુનિને આહારદાન દેવાથી બિલકુલ ધર્મ ન થાય પણ શુભરાગ થાય. અરે! સાક્ષાત્ તીર્થંકરને હૃદયમાં ધારે તોપણ એ શુભ વિકલ્પ છે. તેનાથી ધર્મ ન થાય. ધર્મની પર્યાયના આશ્રયથી પણ નવી ધર્મ પર્યાય પ્રગટ થતી નથી, તો શુભરાગથી કે શુભરાગના નિમિત્તથી ધર્મ કેમ થાય? આ વાત જગતને બહુ આકરી લાગે છે. પણ ભાઈ! પરમાત્માના ઘરની વાતો ઘણી ઝીણી અને ઘણી ગંભીર છે.

પ્રશ્ન :–પર્યાયને બીજા દ્રવ્યનો તો સહારો નથી પણ પોતાના દ્રવ્યનો પણ સહારો નથી ?

ઉત્તર :–પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર છે.

પ્રશ્ન :–પર્યાય તો પામર છે ને ?

ઉત્તર :–પર્યાય પામર નથી, પર્યાય આખા દ્રવ્યને કબૂલે તેને પામર કેમ કહેવાય ? પર્યાયમાં મહા સામર્થ્ય છે આખા દ્રવ્યને અડયા વિના દ્રવ્યને કબૂલે છે. જ્ઞાનની એક પર્યાયમાં એટલી તાકાત છે કે છ દ્રવ્યોને જાણી લ્યે છે. એની તાકાતની અલૌકિક વાતો છે.

પ્રશ્ન :–દ્રવ્ય ને પર્યાય બેમાં જોર કોનું વધારે ?

ઉત્તર :–દ્રવ્યનું જોર વધારે છે. પર્યાય તો એક સમય પૂરતી જ છે અને દ્રવ્ય ત્રિકાળી સામર્થ્યનો પિંડ છે.

* ભાઈ ! અત્યારે તો પોતાનું કામ કરી લેવા જેવું છે. અરે ! મા બાપ ભાઈ–બહેન સગા સંબંધી આદિ અનેક કુટુંબીઓ મરીને ક્યાં ગયા હશે ? એની કાંઈ ખબર છે ? અરે ! મારે મારા આત્માનું હિત કરી લેવું છે–એમ એને અંદરથી લાગવું જોઈએ. આહાહા ! સગા સંબંધી બધા ચાલ્યા ગયા, તેના દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ ભવ બધું ફરી ગયું. શરીરના અનંતા રજકણો ક્યારે ક્યાં કેમ થશે એની છે ખબર ? માટે જે જાગતો રહેશે તે બચશે.

પ્રશ્ન :–એક વસ્તુ બીજી વસ્તુની નથી તેથી એક વસ્તુને બીજી વસ્તુ સાથે કાંઈ સંબંધ નથી તો શાસ્ત્રમાં નિમિત્ત–નૈમિત્તિક સંબંધના લખાણો આવે છે તે ક્યાં ગયા ?

ઉત્તર :–એ તો નૈમિત્તિક ભાવ પોતાથી પરિણમે છે તે કાળે નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવવાના લખાણ શાસ્ત્રમાં છે. નિમિત્ત છે તે નિમિત્તમાં પરિણમે છે અને નૈમિત્તિક છે તે નૈમિત્તિકમાં પરિણમે છે. એક વસ્તુને બીજી વસ્તુ કાંઈ જ કરતી નથી, બે વસ્તુ જુદી જ છે તો એક વસ્તુ બીજી વસ્તુને કરે શી રીતે ?

પ્રશ્ન :–મોક્ષનું કારણપરમપારિણામિક ભાવ છે કે ક્ષાયિક ભાવ ?

ઉત્તર :–ખરેખર તો પરમપારિણામિક ભાવ જ મોક્ષનું કારણ છે પણ પર્યાયથી કહેવું હોય તો ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમને પણ મોક્ષનું કારણ કહેવાય.

પ્રશ્ન :–શુભ ભાવને હેય ગણતા પાછો અશુભ ભાવ આવી જાય તો ?

ઉત્તર :–અશુભ ભાવ તો સમકિતીને પણ આવે છે. આર્ત્ત–રૌદ્ર ધ્યાન પણ હોય છે. શુભને હેય માનતા તેની શ્રદ્ધાનું જોર ક્યાં છે તે જોવાનું છે.

પ્રશ્ન :–આત્માનું સ્વરૂપ જ્ઞાનમાં આવવા છતાં વીર્ય બહારમાં કેમ અટકતું હશે ?

ઉત્તર :–જે વિશ્વાસ આવવો જોઈએ તે આવતો નથી, તેથી અટકે છે. જાણપણું

* તો અગિયાર અંગનું થઈ જાય પણ ભરોંસો આવવો જોઈએ તે આવતો નથી. ભરોંસે ભગવાન થઈ જાય પણ એ ભરોંસો આવતો નથી તેથી ભટકયા–ભટક કરે છે.

પ્રશ્ન :–તેમાં રુચિની ખામી છે કે ભાવ–ભાસનમાં ભૂલ છે?

ઉત્તર :–મૂળ તો રુચિની જ ખામી છે.

* પહેલાંમાં પહેલાં તું તને ઓળખ, પહેલાં દેવ–શાસ્ત્ર–ગુરુને ઓળખ ને પછી આત્માને ઓળખ એમ નથી કહ્યું. તું કોણ છો? કેવડો છો? કેવો છો? ક્યાં છો? તારી હયાતીમાં આ બધું જણાય છે એનો જાણનાર તું કેવો ને કેવડો છો? એ પહેલાં ઓળખીને ભેદવિજ્ઞાન પ્રગટ કર. પરની અપેક્ષા વિના રાગથી ભિન્ન ભેદજ્ઞાન કરવાની તારી શક્તિ છે. એ શક્તિને લક્ષમાં લઈને રાગથી ભેદજ્ઞાન કર એમ કહ્યું છે, પણ એમ નથી કહ્યું કે પહેલાં તું દેવ–ગુરુની ભક્તિ–બહુમાન કર. પહેલાં તું તારું બહુમાન કર તો તને દેવ–ગુરુ નિમિત્ત છે તેનું બહુમાન સાચું આવશે.

પ્રશ્ન :– અરહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને પહેલાં જાણવાનું કહ્યું છે ને?

ઉત્તર :–એ અરહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયનું લક્ષ છોડીને પોતાને ઓળખે તો ભેદજ્ઞાન થાય અને ત્યારે તેને નિમિત્ત કહેવાય.

* રાગ ને આત્મા જુદા પડી શકે છે માટે તે જુદા જ છે, જો જુદા ન હોય તો જુદા પડે શી રીતે? જ્ઞાન ને આત્મા જુદા પાડી શકાતા નથી કેમ કે જ્ઞાનને આત્મા જુદા નથી એક જ છે.

* જેમ કોઈ કરોડ–અબજપતી કે મહાપુરુષ ઘેર મળવા આવ્યો અને પોતે નાનકડા બાળક સાથે રમતમાં રોકાયો ને આવેલા મહાપુરુષનું સન્માન કર્યું નહિ તો તે મહાપુરુષ ચાલ્યા ગયા તેમ અહીં ચૈતન્યમહાપ્રભુ અનંત અનંત મહિમા ને મોટપવાળો એની સમીપ છે પણ એનો જેટલો મહિમા–મોટપનું સામર્થ્ય છે એને એ રીતે જોવે નહિ ને રાગની રમતમાં રોકાણો તો ત્યાં સુધી તેની દ્રષ્ટિમાંથી મહાપ્રભુ ચાલ્યો ગયો, એમ અનંતકાળથી મહાપ્રભુ ચાલ્યો ગયો છે. એની દ્રષ્ટિમાં આવ્યો નથી એટલે ચાલ્યો ગયો છે.

પ્રશ્ન :–પરની પર્યાયને તો કરે નહિ પણ પોતાની પર્યાયને પણ કરે નહિ?

ઉત્તર :–પોતાની પર્યાય પણ સ્વકાળે થાય જ છે તેને કરે શું? ખરેખર તો એ જ્ઞાતા દ્રષ્ટા જ છે. પ્રયત્ન પૂર્વક મોક્ષને કર એમ કથન આવે, કમર કસીને મોહને જીતવો એમ ભાષામાં આવે, પણ ખરેખર તો એની દ્રષ્ટિમાં દ્રવ્ય આવ્યું એટલે એ જ્ઞાતાદ્રષ્ટા જ છે. જ્ઞાતાદ્રષ્ટામાં અનંતો પુરુષાર્થ છે.

પ્રશ્ન :–ન્યાયથી અને તર્કથી તો આ વાત

બેસે છે પણ અંદર જવાની હિંમત કેમ ચાલતી નથી ?

ઉત્તર :–એને પહોંચવા જોઈએ એટલો પુરુષાર્થ નથી એટલે બહારને બહાર ભટકયા કરે છે. અંદર જવાની રુચિ નથી તેથી ઉપયોગ અંદર જતો નથી.

પ્રશ્ન :–આત્માનુભવ કરવા માટે પહેલાં શું કરવું ?

ઉત્તર :–પહેલાં એ નક્કી કરવું કે હું શરીરાદિ પરદ્રવ્યોનું કાંઈ જ કરી શક્તો નથી અને વિકાર થાય છે તે કર્મથી થતો નથી પણ મારા પોતાના જ અપરાધથી થાય છે એમ નક્કી કર્યા પછી વિકાર તે મારું સ્વરૂપ નથી, હું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક છું–એમ નિર્ણય કરીને જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માની સન્મુખ થવાનો અંતર પ્રયત્ન કરવો.

પ્રશ્ન :–પહેલાં વ્રતાદિનો અભ્યાસ તો કરવો ને ?

ઉત્તર :–પહેલાંમાં પહેલાં રાગથી ભિન્ન પડવાનો અભ્યાસ કરવો. રાગથી ભેદજ્ઞાનના અભ્યાસ વિના વ્રતાદિનો અભ્યાસ કરે એ તો મિથ્યાત્વનો અભ્યાસ કરે છે.

* નિયમસાર ગાથા ૩૮ માં આચાર્યભગવાન કહે છે કે જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ છે તે પરદ્રવ્ય હોવાથી હેય છે, ઉપાદેય નથી. આહાહા ! હજુ તો દયા–દાન–વ્રતાદિના શુભ રાગને હેય કહેતા લોકોને કઠણ પડે છે પણ અહીં તો શુદ્ધ પર્યાયને–સંવર –નિર્જરા–મોક્ષની પર્યાયને પણ પરદ્રવ્ય કહીને હેય છે તેમ કહે છે. ગજબ ટીકા છે ! આચાર્ય ભગવાન કહે છે કે મેં મારી ભાવના માટે આ શાસ્ત્ર રચ્યું છે. તેમાં કહે છે કે સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાથી હેય છે. આ સાત તત્ત્વોનો સમૂહ તે શુદ્ધ ભાવ નથી પણ તેની પાછળ પાતાળ કુવો જે ચૈતન્યભગવાન છે તે શુદ્ધ ભાવ છે. નિર્મળ પર્યાયને પણ અહીં શુદ્ધભાવ કહ્યો નથી પણ તેને પરદ્રવ્ય કહ્યું છે. કેમ કે જેમ પરદ્રવ્યના આશ્રયે નિર્મળ પર્યાય ઉત્પન્ન થતી નથી તેમ નિર્મળ પર્યાયના આશ્રયે પણ નવી નિર્મળ પર્યાય ઉત્પન્ન થતી નથી, તેથી નિર્મળ પર્યાયને પણ અહીં પરદ્રવ્ય કહ્યું છે. આહાહા ! પ્રભુ તારી મોટપ પાસે સિદ્ધ પર્યાયની પણ મોટપ નથી ! એ બધી શુદ્ધ પર્યાયોને અહીં બહિર્તત્ત્વ કહે છે. અંતઃતત્ત્વ તો એક આત્મા જ છે. ભગવાન સર્વજ્ઞદેવ એમ કહે છે કે અમે અને અમારા સંત સાધક અને શાસ્ત્ર એ બધા તારા માટે પરદ્રવ્ય છે. એ તો પરદ્રવ્ય છે જ પણ તેના લક્ષે થતો શુભ રાગ એ પણ પરદ્રવ્ય છે. અરે ! એ તો બધા પરદ્રવ્ય છે જ પણ સ્વના લક્ષે પ્રગટ થતાં સંવર–નિર્જરા–મોક્ષ એ પણ પર્યાય હોવાથી પરદ્રવ્ય છે. તેથી તે ઉપાદેય નથી. ઉપાદેય તો એક અંતઃતત્ત્વરૂપ શુદ્ધાત્મા જ છે.

સોનગઢ મધ્યે

# * નૂતન વિશ્રાંતિગૃહ-નિર્માણ યોજના *

પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રતાપે શ્રી જિનેન્દ્ર શાસનની અનેક પ્રકારે મહતી પ્રભાવના થઈ રહી છે. તેમનાં આત્મહિતકારી અપૂર્વ પ્રવચનોનો લાભ લેવા માટે દિન–પ્રતિદિન અનેક યાત્રિકો સોનગઢ આવે છે, તેમને ઊતરવા–રહેવા માટે યોગ્ય વ્યવસ્થાની અત્યંત આવશ્યકતા છે. તે બાબતની વિચારણા કરવા માટે કેટલાક મુમુક્ષુઓની એક મીટિંગ અહીં તા. ૮–૮–૭૯ના રોજ મળી હતી. તેમાં નીચે મુજબ નિર્ણય કરવામાં આવ્યો છેઃ–

( ૧ ) આ વિશ્રાંતિગૃહનું નામ “પૂજ્ય શ્રી કાનજીસ્વામી વિશ્રાંતિગૃહ ટ્રસ્ટ” રહેશે.

( ૨ ) તેનું સંચાલન શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ, મુંબઈ દ્વારા થશે.

( ૩ ) આ વિશ્રાંતિગૃહમાં ૩૦–૩૦ પથારીવાળા ૧૦ વિશાળ હોલ તથા બીજા કેટલાક નાના રૂમો બાંધવામાં આવશે અને તેમાં દરેક યાત્રિકને યોગ્ય સુવિધા રહેશે.

( ૪ ) જે કોઈ ગૃહસ્થ એક–એક હોલ માટે રૂા. ૭૫૦૦૧ આપશે, તેમનું નામ તે હોલ ઉપર લખવામાં આવશે.

( ૫ ) ત્રણ ભાગે એટલે કે રૂ. ૨૫–૨૫ હજાર આપે તો તેવા ત્રણ ગૃહસ્થોનાં નામ પણ તે હોલ ઉપર લખવામાં આવશે.

( ૬ ) નાના રૂમ માટે જે ગૃહસ્થ રૂા. ૧૧૦૦૧ આપશે તેમનું નામ તે રૂમ ઉપર લખવામાં આવશે.

( ૭ ) આ વર્ષની દિવાળીએ તેનો શિલાન્યાસ વિધિ થશે અને ત્યાર બાદ ૮ થી ૧૦ માસમાં તેનું બાંધકામ પૂર્ણ થશે–એવી ધારણા છે.

અમોને જણાવતાં અત્યાનંદ થાય છે કે કેટલાક મુમુક્ષુઓ તરફથી પાંચ વિશાળ હોલ તથા એક નાનો રૂમ બાંધવા માટેની રકમો આપવા માટેના વચનો અમોને મળી ચૂક્યાં છે. જે બદલ તેમનો આભાર માનીએ છીએ.

ઉપરોક્ત યોજનામાં જે કોઈ હોલ તથા રૂમ બાંધવા માટે રકમ આપવા ઇચ્છતા હોય તેમણે નીચેના સરનામે પત્ર–વ્યવહાર કરવો–એવી વિનંતિ છે.

વ્યવસ્થાપક,
વિશ્રાંતિગૃહ નિર્માણ યોજના,
C/oશ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ,
૧૭૩/૧૭૫, મુંબાદેવી રોડ,
મુંબઈ–૨

## * ક્રમબદ્ધપર્યાય : એક અનુશીલન *

જૈનદર્શન અકર્તાવાદી દર્શન કહેવાય છે. અકર્તાવાદનો અર્થ માત્ર એટલો જ નથી કે આ જગતનો કર્તા કોઈ ઈશ્વર નથી, પરંતુ એ પણ છે કે કોઈ પણ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યના પરિણમનના કર્તા–હર્તા નથી. જ્ઞાની આત્મા તો પોતાના વિકારના પણ કર્તા નથી થતા. આ વાત સમયસારના કર્તા–કર્મ અધિકાર અને સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં વિસ્તારથી સ્પષ્ટ કરવામાં આવી છે.

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારની જે ગાથાઓની ટીકામાં ક્રમનિયમિતપર્યાયનો ઉલ્લેખ આવ્યો છે, તેમાં છેવટે અકર્તૃત્વ જ સિદ્ધ કર્યું છે. જેમ કે નીચેની પંક્તિઓમાં સ્પષ્ટ છેઃ–

"આ રીતે જીવ પોતાના પરિણામોથી ઉત્પન્ન થાય છે તોપણ તેનો અજીવની સાથે કાર્યકારણ ભાવ સિદ્ધ નથી થતો, કેમ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્યની સાથે ઉત્પાદ્ય–ઉત્પાદક ભાવનો અભાવ છે; તે (કાર્યકારણ ભાવ) સિદ્ધ ન થતાં અજીવને જીવનું કર્મત્વ સિદ્ધ નથી થતું; અને તે (અજીવને જીવનું કર્મત્વ) સિદ્ધ ન થતાં, કર્તા–કર્મની અન્ય નિરપેક્ષપણે (અન્ય દ્રવ્યની નિરપેક્ષતાથી અથવા સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ થવાથી જીવને અજીવનું કર્તૃત્વ સિદ્ધ નથી થતું. તેથી જીવ અકર્તા સિદ્ધ થાય છે.

ભાવાર્થ :–સર્વ દ્રવ્યોના પરિણામ ભિન્ન–ભિન્ન છે. બધા દ્રવ્ય પોત–પોતાના પરિણામોના કર્તા છે; તેઓ તે પરિણામોના કર્તા છે, તે પરિણામ તેમના કર્મ છે. નિશ્ચયથી કોઈનો કોઈની સાથે કર્તા–કર્મ સંબંધ નથી. તેથી જીવ પોતાના જ પરિણામોનો કર્તા છે, અને પોતાના પરિણામ કર્મ છે. એવી જ રીતે અજીવ પોતાના પરિણામોનું જ કર્તા છે, અને પોતાના પરિણામ કર્મ છે. એવી જ રીતે જીવ બીજાના પરિણામોનો અકર્તા છે." *

એ બાબતમાં કોઈ કહે કે ભલે પરના પરિણમનનો કર્તા નહિ, પણ પોતાના પરિણમનનો કર્તા–હર્તા તો હું છું જ. તેને કહે છે કે અવશ્ય છો, કેમ કે પ્રત્યેક દ્રવ્ય પોતાની પરિણતિનું કર્તા–ભોક્તા તો છે જ, પણ એનો આશય એ નથી કે સર્વજ્ઞના જ્ઞાનમાં આપનું જે ભાવી પરિણમન ઝળક્યું છે, તેમાં આપ કાંઈ ફેરફાર કરી શકો છો.

જો ફેરફાર નથી કરી શકતો તો પછી હું મારી પરિણતિનો કર્તા જ ક્યાં રહ્યો? –આ જાતની શંકા પણ જગતને થાય છે, કેમ કે જેણે ફેરફાર કરવાને જ કરવું

---

* સમયસાર ગાથા ૩૦૮ થી ૩૧૧ ની ટીકા અને ભાવાર્થ

માની રાખ્યું છે, તે એનાથી આગળ વિચારીયે શું શકે? શું ફેરફાર કર્યા વિના કાંઈ કરવાનું હોતું જ નથી? શું જેવું ન થવાનું હોય, તેવું કરવું તે જ કરવું છે; જેવું થવાનું હોય તેવું કરવું તે શું કરવું નથી?

સ્વકર્તૃત્વ કહો, સહજ કર્તૃત્વ કહો, અકર્તૃત્વ કહો–બધાનો એક જ અર્થ છે. જૈનદર્શન અકર્તાવાદી છે–એનો ભાવ જ એ છે કે સહજકર્તાવાદી અથવા સ્વકર્તાવાદી, પરકર્તાવાદી અથવા ફેરફાર કર્તાવાદી નહિ. સહજ થવું અને કરવું એક જ વાત છે. ભવિષ્યમાં આપણું જે થવાનું છે, તે જ થશે અર્થાત્ આપણે પુરુષાર્થ પૂર્વક તે જ કરશું. આમાં પુરુષાર્થની ક્યાંય કોઈ ઉપેક્ષા નથી, ક્યાંય કોઈ પરાધીનતા નથી, સર્વત્ર સ્વાધીનતાનું સામ્રાજ્ય છે. આમાં બધું જ છે–સ્વભાવ છે, પુરુષાર્થ છે, ભવિતવ્ય છે, કાળલબ્ધિ છે અને નિમિત્ત પણ છે. –પાંચેય સમવાય ઉપસ્થિત છે.

આત્મા પોતાના પરિણામોનો કર્તા છે કે નથી? આ સંદર્ભમાં પૂ. સ્વામીજીનું સ્પષ્ટીકરણ આ રીતે છેઃ–

"પ્રશ્ન :–પર્યાયો ક્રમબદ્ધ છે; આત્માની પર્યાયો પણ ક્રમબદ્ધ જે થવા યોગ્ય છે તે જ થાય છે; તેથી આત્મા તેમનો અકર્તા છે– ( શું ) આ વાત બરાબર છે?

ઉત્તર :–ના, આત્મા પોતાની પર્યાયનો અકર્તા છે–એ વાત બરાબર નથી. આત્મા પોતાની જે જે ક્રમબદ્ધપર્યાયોરૂપે પરિણમે છે તેમનો કર્તા તે પોતે જ છે; પરંતુ અહીં એટલું વિશેષ સમજવા યોગ્ય છે કે 'આત્માનો જ્ઞાયકસ્વભાવ છે' –એવી જેની દ્રષ્ટિ થઈ છે અથવા ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થયો છે; તે જીવ મિથ્યાત્વાદિ ભાવોરૂપે પરિણમતો જ નથી. તેથી મિથ્યાત્વાદિ ભાવોનો તો તે અકર્તા જ છે તથા જે અલ્પ રાગાદિ વિકાર થાય છે તેમાં પણ તે એકત્વરૂપે પરિણમતો નથી. તે અપેક્ષાએ તે રાગાદિનો પણ અકર્તા છે; પરંતુ પોતાના સમ્યગ્દર્શન–જ્ઞાનાદિ નિર્મળ 'ક્રમબદ્ધ પરિણામો' નો તો તે કર્તા છે. 'ક્રમબદ્ધપરિણામ'નો એવો અર્થ નથી કે આત્મા પોતે કર્તા થયા વિના જ તે પરિણામ થઈ જાય છે. જ્ઞાની પોતાના નિર્મળ જ્ઞાનભાવ કરતો થકો પોતે તેનો કર્તા થાય છે અને અજ્ઞાની પોતાના અજ્ઞાનભાવને કરતો થકો તેનો કર્તા થાય છે.

આ રીતે પ્રત્યેક દ્રવ્ય પોતે જ પોતાના ક્રમબદ્ધપરિણામનું કર્તા છે."[૧]

આ જ વાતનો જો વસ્તુસ્વરૂપ તરફથી વિચાર કરવામાં આવે તો આ જ નિષ્કર્ષ

---

૧ આત્મધર્મ, વર્ષ ૧૫, અંક ૧૭૯, માર્ચ ૧૯૭૦, પૃષ્ઠ ૫૦૨

ઉપર પહોંચીશું, કેમ કે નિત્યતાની જેમ પરિણમન પણ પ્રત્યેક દ્રવ્યનો સ્વભાવ છે. જે વસ્તુનો જે સ્વભાવ હોય, તેના હોવામાં પરના સહયોગની શી આવશ્યકતા છે? જો દ્રવ્યને પોતાના પરિણમનમાં પરની અપેક્ષા હોય તો પછી તે તેનો સ્વભાવ જ ક્યાં રહ્યો? દ્રવ્ય શબ્દ જ દ્રવણશીલતા–પરિણમનશીલતાનો દ્યોતક છે. જે સ્વયં દ્રવે–પરિણમે, તેને જ દ્રવ્ય કહે છે.

પ્રત્યેક દ્રવ્યમાં એક દ્રવ્યત્વ નામનો સામાન્યગુણ છે–શક્તિ છે. તેને કારણે જ દ્રવ્ય પરિણમનશીલ છે. પરિણમનશીલતા દ્રવ્યનો સામાન્ય ધર્મ છે, સહજ ધર્મ છે, સ્વાભાવિક ધર્મ છે, પરનિરપેક્ષ ધર્મ છે.

જ્યારે પ્રત્યેક દ્રવ્ય સ્વયં પોતાનાથી દ્રવી રહ્યું છે, પોતાના નિયમિત પ્રવાહમાં વહી રહ્યું છે, સહજ ક્રમબદ્ધ પરિણમી રહ્યું છે; તો પછી એવી શી આવશ્યકતા છે કે તે પોતાના ક્રમનો ભંગ કરે? વસ્તુના સ્વરૂપમાં એવી શી અડચણ છે કે તે પોતાની ચાલ બદલે? અને શામાટે બદલે? તેને શી જરૂર છે પોતાની ચાલ બદલવાની?

બદલે પણ કેવી રીતે? કે જ્યારે પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક પર્યાય સ્વ–અવસરે જ થાય છે. પહેલાં જ સ્પષ્ટ કરી દીધું છે કે જેટલા ત્રણ કાળના સમયો છે, તેટલી જ પ્રત્યેક દ્રવ્યની પર્યાયો છે અને એક–એક પર્યાય એક–એક સમયમાં ખચિત છે. જો એક પર્યાયને પોતાના સ્થાન (સમય)માંથી ખસેડવામાં આવશે તો તે સ્થાન (સમય) ખાલી થઈ જશે. તે સ્થાન (સમય)ની પૂર્તિના હેતુએ બીજી પર્યાય ક્યાંથી આવશે? જે ઇષ્ટ પર્યાય આપ લાવવા ઇચ્છો છો, તેને જો પોતાના સ્થાન (સમય)માંથી ખસેડીને ત્યાં લાવશો તો શું અહીંની પર્યાયને ત્યાં લઈ જશો? કે જે સંભવિત નથી.

છેવટે વસ્તુસ્વરૂપનો સહજ સ્વીકાર શામાટે નથી થતો, પરાણે પરિવર્તનની હઠ શામાટે છે? ધર્મ તો વસ્તુસ્વરૂપના સહજ સ્વીકારનું નામ છે, વસ્તુસ્વરૂપની સહજ પરિણતિનો સ્વીકાર જ ધર્મની શરૂઆત છે. આવી વ્યક્તિની દ્રષ્ટિ સહજ અંતરોન્મુખી હોય છે. ક્રમબદ્ધ પરિણમન જ સહજ સ્વીકાર કરનાર જીવના ક્રમબદ્ધમાં પણ સહજ સ્વભાવ–સન્મુખ પરિણમન હોય છે. વસ્તુસ્વરૂપમાં જ આવો સુવ્યવસ્થિત સુમેળ છે.

દ્રવ્ય અને ગુણની જેમ પર્યાય પણ સત્ છે. પ્રવચનસાર ગાથા ૧૦૭ માં આનો સ્પષ્ટ ઉલ્લેખ છે. દ્રવ્ય અને ગુણ જો ત્રિકાળી સત્ છે તો પર્યાય સ્વસમય અર્થાત્ એક સમયનું સત્ છે. જેવી રીતે દ્રવ્ય અને ગુણની ત્રિકાળી સત્તાને પડકારી શકાતી નથી; તેવી જ રીતે પર્યાયની પણ સ્વસમય સત્તાને પડકારી શકાતી નથી.

પરંતુ દ્રવ્ય અને ગુણોથી અજાણ અજ્ઞાનીની દ્રષ્ટિ પર્યાય પર રહે છે, પર્યાયનો

ફેરફાર કરવાના વિકલ્પમાં ગુંચાયેલી રહે છે. આ જ ગુંચવણને કારણે તેની દૃષ્ટિ સ્વદ્રવ્ય ઉપર જઈ શકતી નથી, તે દ્રવ્યદૃષ્ટિ અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ બની શકતો નથી.

આગમમાં "**पज्जयमूढा हि परसमया**"[1] તથા "**जो पज्जएसु णिरदा जीवा परसमइगत्ति णिदिट्ठा**"[2] કહીને પર્યાય દૃષ્ટિવાળાને મિથ્યાદૃષ્ટિ અને દ્રવ્યદૃષ્ટિવાળાને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવેલ છે.

દ્રવ્યદૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે પર્યાયોની ક્રમબદ્ધતાની પ્રતીતિ આવશ્યક છે. પર્યાય પણ સ્વકાળનું સત્ છે, તેમાં પણ કોઈ પ્રકારનો ફેરફાર સંભવ નથી–એવી પ્રતીતિ થતાં જ પર્યાય તરફથી નિશ્ચિત થયેલ દૃષ્ટિ સ્વભાવ તરફ ઢળી જાય છે. ક્રમબદ્ધપર્યાયની પ્રતીતિ વિના દૃષ્ટિનું સ્વભાવ–સન્મુખ થવું સંભવ નથી. કારણ કે પર્યાયોમાં પોતાની ઇચ્છાનુકૂળ ફેરફાર કરવાનો ભાર તેના ઉપર રહ્યા કરે છે. ફેરફાર કરવાના ભારથી બોજારૂપ દૃષ્ટિમાં એ શક્તિ નથી કે તે સ્વભાવ તરફ જોઈ શકે. દૃષ્ટિ સંપૂર્ણ રીતે ભાર વિનાની થયા વિના અન્તર–પ્રવેશ શક્ય નથી. કહ્યું પણ છેઃ–

**જિનકે માથે ભાર, વે ડૂબે મઝધારમેં;**
**હમ તો ઉતરે પાર, ઝોંક ભારકો ભારમેં.**

ભાર લઈને ઉપર ચડવું કઠણ જ નહીં અસંભવ છે, વિશેષે કરીને એવો ભાર કે જેને ઉપાડવાનું ય સામર્થ્ય આપણામાં ન હોય. શું કોઈ પર્વત લઈને પર્વત ઉપર ચડી શકે છે? ના, કદી નહીં. તેવી જ રીતે પરદ્રવ્યમાં ફેરફાર કરવાની બુદ્ધિવાળો જીવ નિજદ્રવ્યમાં પ્રવેશ કરી શકતો નથી.

જો કે સ્વયં પરિણમનશીલ આ જગતના પરિણમનની જરા પણ જવાબદારી એના શિરે નથી તોપણ અજ્ઞાની આત્મા સ્વયંની મિથ્યા કલ્પનાથી, આરોપિત ભારથી પોતે જ દબાઈ રહ્યો છે.

પરમાં તો એને કાંઈ કરવાનું જ નથી, પોતાની પર્યાયમાં પણ કાંઈ કરવાનું નથી. બધું જ સહજ થઈ રહ્યું છે અને થતું રહેશે. કહ્યું પણ છેઃ–

"હોતા સ્વયં જગત પરિણામ, મૈં જગકા કરતા ક્યા કામ."

આ બાબતમાં કેટલાક લોકો કહે છે કે જાણવું–દેખવું તો આત્માનો સ્વભાવ છે, તે તો કરવો જ પડશે. તેમને અમારું કહેવાનું છે કે તેમાં કરવું શું પડશે? એ તો સહજ થાય છે.

---

૧ પ્રવચનસાર ગાથા ૯૩
૨ પ્રવચનસાર ગાથા ૯૪

“શું જાણવું અને શું ન જાણવું–એનો વિવેક તો કરવો જ પડશે? એમ થોડું જ ચાલશે કે જે ઇચ્છો તે જાણ્યા–દેખ્યા કરો. કાંઈક તો મર્યાદા રાખવી જ પડશે, કાંઈક તો નક્કી કરવું જ પડશે. શું આપણે આપણા જ્ઞાન–દર્શનને એમ જ છૂટા મૂકી દઈશું–સાંઢની જેમ; કે જે જ્યાં ઇચ્છે ત્યાં મોઢું નાખ્યા કરે; ઓછામાં ઓછું તેને તો સ્વભાવ–સન્મુખ કરવા જ પડશે. કાંઈ કરવું નથી, કાંઈ કરવું નથી, એ બધું કેવી રીતે ચાલે? ‘જ્ઞાનને સ્વભાવ–સન્મુખ કરો’ –ઓછામાં ઓછી એટલી વાત તો રહેવા દો.”

જો આમ કોઈ કહે તો તેને કહીએ છીએ–ભાઈ! જ્ઞાનને સ્વભાવ–સન્મુખ કરવાના વિકલ્પથી જ્ઞાન સ્વભાવ–સન્મુખ થતું નથી, પરંતુ આ વિકલ્પના પણ ભારથી ભારરહિત થતાં જ્ઞાન સ્વભાવ–સન્મુખ ઢળે છે.

જ્ઞાનની પ્રત્યેક પર્યાય સ્વકાર્ય કરવામાં પરમુખની અપેક્ષા રાખતી નથી. તે પોતામાં પરિપૂર્ણ છે, સ્વકાર્ય કરવામાં પૂર્ણ શક્તિશાળી છે, પૂર્ણપણે સુયોગ્ય છે. તેની યોગ્યતામાં તેનું જ્ઞેય પણ નિશ્ચિત છે. જ્ઞાનની જે પર્યાયમાં જે જ્ઞેયને જાણવાની યોગ્યતા છે, તે પર્યાય તે જ જ્ઞેયને પોતાનો વિષય બનાવશે, તેમાં કોઈનો હસ્તક્ષેપ ચાલી શકતો નથી.

આ એક ધ્રુવ સત્ય છે કે જ્ઞેયને અનુસારે જ્ઞાન થતું નથી પરંતુ જ્ઞાન અનુસાર જ્ઞેય જાણી શકાય છે; નહિ તો એમ શા માટે થાય કે જે જ્ઞેય સામે હોય, તેનું તો જ્ઞાન નથી થતું અને જે જ્ઞેય સામે ન હોય ક્ષેત્ર–કાળથી દૂર હોય, તેનું જ્ઞાન થતું દેખાય છે. નવ વિવાહિત અમલદારને સામે બેઠેલો કારકુન દેખાતો નથી, પરંતુ કચેરીથી દૂર ઘરમાં કે પિયરમાં બેઠેલી પત્ની દેખાય છે.

આ વાતને ન્યાયશાસ્ત્રના નીચે લખેલા સૂત્રથી સારી રીતે સમજી શકાય છેઃ–

स्वावरणक्षयोपशमलक्षणयोग्यतया हि प्रतिनियतमर्थ व्यवस्थापयति।।९।।[1]

સ્વાવરણક્ષયોપશમ જેનું લક્ષણ છે–એવી યોગ્યતા જ એ વ્યવસ્થા કરે છે કે જ્ઞાન કોને જાણે.

અહીં ક્ષયોપશમ જ્ઞાન કોને જાણે અને કોને ન જાણે–એની ચર્ચા ચાલી રહી છે. કેવળજ્ઞાનમાં તો એ પ્રશ્ન જ સંભવિત નથી; કેમકે તે તો એક સમયમાં જ લોકાલોકને જાણે છે.

બૌદ્ધોનું એમ કહેવું છે કે–જ્ઞાન જ્ઞેયથી ઉત્પન્ન થાય છે, જ્ઞેયાકાર હોય છે અને જ્ઞેયોને જાણનાર હોય છે; જેને તેઓ તદુત્પત્તિ, તદાકાર અને તદધ્યવસાય રૂપે

૧. પરીક્ષામુખ, અધ્યાય ૨, સૂત્ર ૯

પ્રસ્તુત કરે છે. જૈનો ઉક્ત વાતનો સ્વીકાર કરતા નથી. આ સંદર્ભમાં તેઓ જૈનોને પૂછે છે કે જો જ્ઞાન જ્ઞેયથી ઉત્પન્ન નથી થતું તો પછી તમારા મતમાં જ્ઞાન અમુક જ્ઞેયને જ કેમ જાણે છે, અન્યને શા માટે નહિ–એનો નિયામક કોણ હોય? બૌદ્ધોના મતમાં તો જે જ્ઞાન જે જ્ઞેયથી ઉત્પન્ન થાય છે, તેને જ જાણે છે–એ વ્યવસ્થા છે. જૈનોમાં આ સંદર્ભમા શી વ્યવસ્થા છે, તેના ઉત્તરમાં ઉક્ત સૂત્ર આવ્યું છે. જેનો આશય છે કે યોગ્યતા જ એનો નિયામક છે અર્થાત્ જ્ઞાનની વિવક્ષિત પર્યાયમાં જાણવાની ક્ષમતાની સાથોસાથ એ પણ નિશ્ચિત છે કે તે કયા જ્ઞેયને જાણશે. યોગ્યતાની વ્યાખ્યા કરતાં કહેવામાં આવ્યું છે કે તત્સંબંધી આવરણનો ક્ષયોપશમ જેનું લક્ષણ છે એવી યોગ્યતા અર્થાત્ તે યોગ્યતામાં જે જ્ઞેયને જાણવાનું છે, તત્સંબંધી આવરણનો ક્ષયોપશમ થાય છે.

આ બધાથી એ જ સિદ્ધ થાય છે કે જ્ઞાનની પ્રત્યેક પર્યાયનું જ્ઞેય પણ નિશ્ચિત છે અને તે તેની યોગ્યતામાં જ સમ્મિલિત છે. જ્યારે જ્ઞાનનું જ્ઞેય પણ નિશ્ચિત છે તો પછી આ વાત ક્યાં રહી જાય છે કે શું જાણવું અને શું ન જાણવું–એનો વિવેક તો કરવો જ પડશે, આ દિશામાં કાંઈ ને કાંઈ તો કરવું જ પડશે.

તારે આટલો પણ બોજો પોતાના શિરે રાખવાનો નથી, ત્યારે તું બોજા રહિત બનીશ અને ત્યારે જ જ્ઞાનની પર્યાયનું જ્ઞેય આત્મસ્વભાવ બનશે અર્થાત્ દ્રષ્ટિ સ્વભાવ–સન્મુખ થશે. દ્રષ્ટિના સ્વભાવ–સન્મુખ થવાનો એકમાત્ર ઉપાય આ જ છે.

અહીં આ પ્રશ્ન સંભવે છે કે જો એમ વાત છે તો પછી આ ઉપદેશ શા માટે આપવામાં આવે છે કે દ્રષ્ટિને આત્મ–સન્મુખ કરો, આત્માને જાણો વગેરે.

આ જાતના પ્રશ્ન તો અનેક ઉત્પન્ન થાય છે. તે બધા ઉપર આગળ ચાલતાં જુદો વિચાર કરવામાં આવશે.

પ્રત્યેક દ્રવ્ય પર્વત (અચળ) છે. તેને ચલાયમાન કરવાનો પ્રયત્ન કરવો એ બાળચેષ્ટા સિવાય બીજું કાંઈ નથી. જો દ્રવ્ય પર્વત (અચળ) છે તો પર્યાય પણ પાર્વતી (અચળા) છે. જેમ અચળ દ્રવ્યને ચલાયમાન કરી શકાતું નથી, તેવી જ રીતે અચળા પર્યાયને પણ સ્વકાળમાંથી ચલાયમાન કરવું શક્ય નથી.

દ્રવ્ય અને ગુણોમાં ફેરફાર કરવાનો વિકલ્પ ન આવતાં પર્યાયમાં ફેરફાર કરવાનો વિકલ્પ કેમ આવે છે? એનું સહજ મનોવૈજ્ઞાનિક કારણ છે. જ્યાં ફેરફાર કરવાનો અવકાશ દેખાય છે, ત્યાં જ ફેરફાર કરવાનો વિકલ્પ આવે છે; જ્યાં અવકાશ દેખાતો નથી, ત્યાં કાંઈ કરવાનો વિકલ્પ પણ ઉઠતો નથી.

જેમ કે આપણે કોઈ ગેરકાયદેસર કાર્ય કરાવવા ઇચ્છીએ છીએ, તે કરવાનું અનેક સરકારી કર્મચારીઓના હાથમાં છે. જે કર્મચારી ઉપર આપણને એવો વિશ્વાસ હોય કે આ ( વ્યક્તિ ) કોઈ પણ મૂલ્યે ગેરકાયદેસર કાર્ય નહિ કરે, તો આપણે તેને તે કરવાનું કહેતા પણ નથી; પણ જે કર્મચારીના વિષયમાં આપણે એમ સમજીએ છીએ કે આની પાસે શામ–દામ–દંડ–ભેદથી કામ કરાવી શકાય છે, તેની પાસે જ હરેક પ્રકારે કાર્ય કરાવવાનો યત્ન કરીએ છીએ.

તેવી જ રીતે દ્રવ્ય અને ગુણની અચળતા ઘણું કરીને બધાના ખ્યાલમાં સહજ રીતે આવી જાય છે, તેથી તેમનામાં ફેરફાર કરવાની બુદ્ધિ થતી નથી; પરંતુ પર્યાયની અચળતા સહેજે ખ્યાલમાં નથી આવતી–એ જ કારણે તેમાં ફેરફાર કરવાની બુદ્ધિ રહ્યા કરે છે. ક્રમબદ્ધપર્યાયની સાચી સમજણ વિના પર્યાયોની અચળતા ખ્યાલમાં આવતી નથી અને તેમનામાં ફેરફાર કરવાની બુદ્ધિ રહ્યા જ કરે છે.

પર્યાયોમાં ફેરફાર કરવાની મિથ્યા બુદ્ધિ જ અજ્ઞાન છે, કર્તાવાદ છે. આ જ કર્તાવાદી અજ્ઞાનનો નિષેધ સમયસારના કર્તા–કર્મ અધિકાર અને સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં પૂરી શક્તિથી કરવામાં આવ્યો છે. જૈન દર્શનના અકર્તાવાદનો એ જ મર્મ છે.

જૈનદર્શનનો અકર્તાવાદ માત્ર ત્યાંસુધી જ સીમિત નથી કે કોઈ તથાકથિત ઈશ્વર જગતનો કર્તા નથી. અકર્તાવાદનો વ્યાપક અર્થ એ છે કે કોઈ પણ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનું કર્તા–હર્તા–ધર્તા નથી; ત્યાં સુધી કે પોતાની પણ ક્રમનિશ્ચિત પર્યાયોમાં તે કોઈ પ્રકારનો ફેરફાર કરી શકતું નથી. જો કે દ્રવ્ય પોતાની પર્યાયોનો કર્તા છે, તોપણ ફેરફાર કરનાર નથી.

ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા અથવા ઉક્ત અકર્તાવાદી દ્રષ્ટિકોણનું એકમાત્ર સાચું ફળ દ્રષ્ટિનું સ્વભાવ–સન્મુખ થવું જ છે. ક્રમબદ્ધપર્યાયની વિકલ્પાત્મક શ્રદ્ધા કરવા ઉપરાંત પણ જો દ્રષ્ટિ સ્વભાવ–સન્મુખ ન થઈ તો સમજવું જોઈએ કે તેને ક્રમબદ્ધપર્યાયની પણ વિકલ્પાત્મક શ્રદ્ધા જ છે. સાચી શ્રદ્ધા નથી. કેમકે ક્રમબદ્ધપર્યાયની સાચી શ્રદ્ધા અને દ્રષ્ટિનું સ્વભાવ–સન્મુખ થઈને પર્યાયમાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થવાનો એક કાળ છે.

કેટલાક લોકોનું એમ પણ કહેવાનું છે કે ગોમ્મટસારમાં નિયતિવાદીને મિથ્યાદ્રષ્ટિ કહ્યા છે.[૧] આ ક્રમબદ્ધપર્યાય પણ કાંઈક એવી જ છે. તેથી એમાં પણ એકાન્તનો દોષ

---

૧. ગોમ્મટસાર, કર્મકાણ્ડ, ગાથા ૮૮૨

આવે છે પણ ગોમ્મટસારના નિયતવાદ અને ક્રમબદ્ધપર્યાયમાં ઘણું અંતર છે. એકાન્ત–નિયતવાદી તો પુરુષાર્થાદિ અન્ય સમવાયોની ઉપેક્ષા કરીને એકાન્તનિયતવાદનો આશ્રય લઈને સ્વચ્છન્દતાનું પોષણ કરે છે, જ્યારે ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાન્ત તો પુરુષાર્થાદિ અન્ય તથ્યોને સાથે લઈને ચાલે છે.

આ સંદર્ભમાં જૈનેન્દ્ર સિદ્ધાન્તકોશકારની ટિપ્પણી જોવા યોગ્ય છેઃ–

“જે કાર્ય અથવા પર્યાય જે નિમિત્ત દ્વારા જે દ્રવ્યમાં, જે ક્ષેત્ર અને કાળમાં જે પ્રકારે થવાનું હોય છે, તે કાર્ય તે જ નિમિત્ત દ્વારા તે જ દ્રવ્ય, ક્ષેત્ર અને કાળમાં તે જ પ્રકારે થાય છે. એવી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ ચતુષ્ટયથી સમુદિત નિયત કાર્યવ્યવસ્થાને ‘નિયતિ’ કહે છે. નિયત કર્મોદયરૂપ નિમિત્તની અપેક્ષાએ એને જ ‘દૈવ’, નિયત કાળની અપેક્ષાએ એને જ ‘કાળલબ્ધિ’ અને થવા યોગ્ય નિયતભાવ અથવા કાર્યની અપેક્ષાએ એને જ ‘ભવિતવ્ય’ કહે છે.

પોત–પોતાના સમયોમાં ક્રમપૂર્વક નંબર પ્રમાણે પર્યાયો પ્રગટ થવાની અપેક્ષાએ શ્રી કાનજીસ્વામીએ એને માટે ‘ક્રમબદ્ધપર્યાય’ શબ્દનો પ્રયોગ કર્યો છે. જો કે કરવા–કારવવાના વિકલ્પો પૂર્ણ રાગી બુદ્ધિમાં બધું જ અનિયત પ્રતીત થાય છે, પરંતુ નિર્વિકલ્પ સમાધિના સાક્ષીમાત્ર ભાવમાં વિશ્વની સમસ્ત કાર્યવ્યવસ્થા ઉપરોક્ત પ્રકારે નિયત પ્રતીત થાય છે. તેથી વસ્તુસ્વભાવ, નિમિત્ત (દૈવ), પુરુષાર્થ, કાળલબ્ધિ અને ભવિતવ્ય આ પાંચે સમવાયો સહિત તો ઉપરોક્ત વ્યવસ્થા સમ્યક્ છે; અને એનાથી નિરપેક્ષ તે જ મિથ્યા છે. નિરુદ્યમી પુરુષ મિથ્યા નિયતિના આશ્રયે પુરુષાર્થનો તિરસ્કાર કરે છે, પણ અનેકાન્તબુદ્ધિ આ સિદ્ધાન્ત જાણીને સર્વ બાહ્ય વ્યાપારથી વિરક્ત થઈ એક જ્ઞાતાદ્રષ્ટા ભાવમાં સ્થિતિ પામે છે.”[૧]

કાર્યોત્પત્તિમાં પાંચ કારણોના સમવાયને સમ્યક્ ઘોષિત કરતાં શ્રી સિદ્ધસેન આચાર્ય સમ્મઈસુત્તં (સન્મતિ સૂત્ર) માં લખે છેઃ–

“કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત (નિમિત્ત) અને પુરુષાર્થ–આ પાંચ કારણોમાંથી કોઈ એકથી કાર્યોત્પત્તિ માનવી તે એકાન્ત છે, મિથ્યાત્વ છે અને એના સમવાયથી કાર્યોત્પત્તિ માનવી તે અનેકાન્ત છે, સમ્યક્ત્વ છે.”[૨]

[ ક્રમશઃ ]

---

૧ જૈનેન્દ્ર સિદ્ધાન્ત કોશ, ભાગ ૨, પૃષ્ઠ ૬૧૨

૨ સમ્મઈ સુત્તં અ. ૩, ગાથા ૫૩

## વૈરાગ્ય સમાચારઃ-

∗ સોનગઢવાળા જવલબેન જેચંદભાઈ શાહ (વર્ષ–૮૫ લગભગ) જયપુર મુકામે તા. ૨૮–૪–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેઓએ સોનગઢમાં ૩૮ વર્ષ રહીને પૂ. ગુરુદેવશ્રીની અમૃતવાણીનો અપૂર્વ લાભ લીધો છે.

∗ અમરેલી નિવાસી (હાલ મુંબઈ) શ્રી પોપટલાલ ગુલાબચંદ હેમાણી (ડૉ. નાનાલાલ ગુલાબચંદના વડીલ બંધુ) (વર્ષ–૬૭) તા. ૧૬–૫–૬૯ ના લોકલ ટ્રેનના અકસ્માતથી સ્વર્ગવાસ પામેલ છે.

∗ રાણપુર નિવાસી છબલબેન હીરાચંદ શાહ (વર્ષ–૮૯) જયપુર મુકામે જેઠ વદ ૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

∗ વવાણીયા–મોરબી નિવાસી ધારશીભાઈ જટાશંકર મહેતાના ધર્મપત્નિ સમજુબેન (વર્ષ–૭૩) તા. ૨૦–૬–૭૯ ના રોજ હેમરેજની ટૂંકી બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.

∗ વઢવાણશહેર નિવાસી વૃજલાલ ધરમશી મણીબારના ધર્મપત્નિ ધીરજબેન (વર્ષ–૫૪) તા. ૨૫–૬–૭૯ ના રોજ હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે.

∗ સુરેન્દ્રનગર નિવાસી કાંતિલાલ જીવણલાલ શેઠ (વર્ષ–૬૧) તા. ૪–૭–૭૯ ના રોજ વહેલી સવારે હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે, તેઓ અવારનવાર પૂ. ગુરુદેવશ્રીનો લાભ લેવા આવતા હતા તથા તત્ત્વના રસીક હતા.

∗ નાઈરોબીવાળા રૂપાબેન કચરાભાઈ નરસીભાઈ (વર્ષ–૬૯) તા. ૪–૭–૭૯ ના રોજ મોટર અકસ્માતથી સ્વર્ગવાસ પામ્યા છે, તેઓ નાઈરોબી મુમક્ષુ મંડળના સૌથી જુના મુમુક્ષુ હતા. માર્ચ ૧૯૫૦ થી તેમના ઘરેથી મુમુક્ષુ મંડળની શરૂઆત થઈ હતી.

∗ નાઈરોબીવાળા રમણીકલાલ (નાઈરોબી મુમુક્ષુ મંડળના માજી પ્રમુખશ્રી) ફુલચંદ કરમશીના પુત્ર (વર્ષ–૫૯) તા. ૫–૭–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

∗ સાવરકુંડલા નિવાસી શ્રી અનોપચંદભાઈ બાઉચંદ દોશી (વર્ષ–૬૬) તા. ૬–૭–૭૯ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ રોજ નિયીમત રીતે જિનેન્દ્ર દર્શન પૂજન ભક્તિ અને સ્વાધ્યાય કરતા હતા.

∗ વીંછીયા નિવાસી (હાલ મુંબઈ) શ્રી અનોપચંદ છગનલાલ ઉદાણી (વર્ષ–૭૨) તા. ૧૧–૭–૭૯ ના રોજ હેમરેજ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા ઘણા વખતથી સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપ છેદકવાણીનો લાભ લેતા હતા.

∗ ગઢડાનિવાસી ( હાલ સોનગઢ ) શ્રી જયંતિલાલ હરીચંદ કામદાર ( વર્ષ–૬૧ ) તા. ૧૩–૭–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે તેઓ ગઢડા મંડળના ટ્રસ્ટી હતા અને પંદરેક વર્ષથી સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપછેદક અમૃત વાણીનો લાભ લીધો છે.

∗ ઉદયપુર નિવાસી શેઠ સુંદરલાલજી મહેતા ( વર્ષ–૬૨ ) તા. ૧૬–૭–૭૯ ના રોજ હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઉદયપુર જૈન મુમુક્ષુ મંડળના અધ્યક્ષ તથા ધર્મપ્રેમી સમાજ સેવક હતા.

∗ રાજકોટ નિવાસી પ્રભાબેન અમૃતલાલ પારેખ ( વર્ષ–૭૮ ) તા. ૧૭–૭–૭૯ ના રોજ સોનગઢ મુકામે હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા પચીસ વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃત વાણીનો લાભ લેવા સોનગઢ રહેતા હતા. અને છેલ્લી ક્ષણે જ્ઞાયકનું સ્મરણ કરતા કરતા દેહ છોડયો હતો.

∗ ખેડાવાળા શ્રી જેઠાલાલ ચુનીલાલ વકીલ ( વર્ષ–૮૫ ) તા. ૨૦–૭–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા ત્રીસેક વર્ષથી પૂ. ગુરુદેવશ્રીની ભવતાપછેદક અમૃત વાણીનો લાભ લીધો હતો.

∗ રાજકોટ નિવાસી ( હાલ મુંબઈ ) નૌત્તમલાલ હરીલાલ દોશીના સુપુત્ર ધનેશના ધર્મપત્નિ નીતાબેન ( વર્ષ–૨૫ ) તા. ૨૩–૭–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

∗ ટંકારાનિવાસી શાંતાબેન લક્ષ્મીચંદ મહેતા ( કાન્તીલાલ લક્ષ્મીચંદ વૈદ્યના બેન ) ( વર્ષ–૬૫ ) અષાઢ સુદ ૪ ના રોજ સ્વર્ગવાસ થયા છે.

∗ મોરબીનિવાસી હેમકુંવરબેન પાનાચંદ સંઘવી ( વર્ષ–૮૬ ) તા. ૧૧–૮–૭૯ ના રોજ મોરબી હોનારતમાં પાણીમાં ડુબી જતાં સ્વર્ગવાસ પામ્યા છે.

∗ મુંબઈ નિવાસી શ્રી જુગરાજજી જૈન ( શ્રી દલીચંદ જુગરાજ ) ( વર્ષ–૭૫ ) મુંબઈ મુકામે તા. ૧૩–૮–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપનાશક અમૃતવાણીનો લાભ લેતા અને પ્રમોદથી કહેતા હતો કે ‘સોનગઢમાં સ્વામીજીએ સમ્યગ્દર્શન પામવાનું સાચું કારખાનું ખોલ્યું છે.’ બેંગલોરમાં દિ. જૈનમંદિર પંદરેક લાખનું બંધાયેલ છે તેમાં તેઓએ તન–મન–ધનથી ઘણો ભાગ લીધો હતો.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૩૦ ]

## સુવર્ણપુરી સમાચારઃ-

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રી સુવર્ણપુરીમાં સુખશાંતિમાં બિરાજી રહ્યાં છે. બન્ને સમય નિયમિત રીતે શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર તથા પ્રવચનસાર શાસ્ત્ર ઉપર તેઓશ્રીના અધ્યાત્મમસ્તીસભર પ્રવચનો તથા રાત્રિચર્ચા ચાલી રહ્યાં છે. શિક્ષણ–શિબિરના ૨૦ દિવસો દરમિયાન પૂજ્ય ગુરુદેવશ્રીનાં આત્મસ્પર્શીભાવસભર ૪૦ પ્રવચનો થયા હતા, જેમાં શ્રી સમયસાર ગાથા ૩૦૮–૩૧૧ ( ક્રમબદ્ધની ગાથા ) ઉપર ૮ પ્રવચનો, ગાથા ૩૨૦ ( શ્રી જયસેનાચાર્યની ટીકા ) ઉપર ૧૧–પ્રવચનો, શ્રી નિયમસાર –શુદ્ધભાવ અધિકારની વિશેષ વિશેષ ગાથાઓ ઉપર ૧૭–પ્રવચનો તથા ચૌદશ, પૂનમ ને બીજના રોજ ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર ચાર પ્રવચનો હિન્દીમાં થયા હતા.

* શિક્ષણશિબિર તથા પ્રશિક્ષણ શિબિરમાં ભાગ લેવા માટે દેશભરમાંથી ભિન્ન ભિન્ન ૧૨ પ્રાંતોના કુલ ૨૩૩ ગામોમાંથી ૭૫૯ ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનો લાભ લેવા લગભગ ૩૦૦ ની સંખ્યામાં બહેનો પણ આવ્યા હતા. સવારે પાંચથી રાત્રે દશ વાગ્યા સુધી ચાલતાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં મુખ્યત્વે પૂજ્ય ગુરુદેવશ્રીનાં બે વખતના પ્રવચનો, રાત્રિ તત્ત્વચર્ચા તથા બન્ને વખતના પ્રવચન બાદ શિક્ષણ–શિબિરના ત્રણે ક્લાસ તેમ જ બે વખત પ્રશિક્ષણના ક્લાસ ચાલતા હતા. શિક્ષણ–શિબિરના વર્ગો શ્રી લાલચંદભાઈ મોદી, શ્રી ડો. હુકમચંદજી ભારિલ્લ, શ્રી જ્ઞાનચંદજી વિદિશા તથા શ્રી નેમચંદભાઈ રખીયાળવાળા ચલાવતા હતા. તદ્–ઉપરાંત શ્રી બાબુભાઈ ફતેપુર, શ્રી અભયકુમારજી જયપુર, શ્રી ધન્નાલાલજી ગ્વાલિયર, શ્રી કપૂરચંદજી સાગર, ડૉ. પ્રિયંકરજી મુંબઈ, શ્રી દેવીલાલજી આદિ વક્તાઓની ભિન્ન ભિન્ન શૈલીવાળા પ્રવચનો સાંભળીને શ્રોતાઓ ખૂબ પ્રમુદિત થયા હતા. પ્રશિક્ષણના વર્ગમા ડો. હુકમચંદજી ભારિલ્લે ક્રમબદ્ધપર્યાય ઉપર તથા નયચક્ર ઉપર પ્રવચન કર્યા હતા.

શિક્ષણશિબિર–સમાપન–સમારોહમાં ઘણા મહેમાનો પોતાને મળેલ અદ્ભૂત લાભ વિશે થોડું–ઘણું કહેવા માંગતાં હોવા છતાં સમયના અભાવને લીધે માત્ર ડો. હુકમચંદજી ભારિલ્લ, પંડિત ધન્નાલાલજી ગ્વાલિયર, કૃષિ પંડિત શ્રી ઋષભકુમારજી ખુરેઈ, પંડિત કપૂરચંદજી સાગર, રાજમલ્લજી પવૈયા તથા ડોકટર આર. કે. જૈને પૂજ્યશ્રીના અસીમ ઉપકાર પ્રતિ આભાર વ્યક્ત કર્યો હતો. ડો. હુકમચંદજીએ કહ્યું હતું કે પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રકારના સૂક્ષ્મ તેમ જ આત્મસ્પર્શી ભાવો સાંભળતા મને એમ થઈ ગયું કે જે પ્રચાર તેમ જ મહાવિદ્યાલયની પ્રવૃત્તિ જયપુરથી થઈ રહી છે તે ખરેખર તો પૂજ્ય ગુરુદેવશ્રીના સાન્નિધ્યમાં રહીને સોનગઢથી કરી હોત તો હું વિશેષ લાભ લઈ શકત,

પરંતુ હવે તે શક્ય ન હોવાથી, પૂજ્ય ગુરુદેવશ્રીના સૂક્ષ્મ ઘોલનનો અપૂર્વ લાભ લેવા હું વિશેષ–વિશેષ સોનગઢ આવતો રહીશ. કૃષિપંડિતે પૂજ્ય ગુરુદેવશ્રીના અસીમ ઉપકાર પ્રતિ પોતાનો આદર ભાવ વ્યક્ત કરતા કહ્યું કે અમારા બુદેલપ્રાંતમાં ઘરે ઘરે પૂજ્ય ગુરુદેવશ્રીનો ધર્મસંદેશ પહોંચે ને દિગંબર ધર્મના યથાર્થ નિરુપણ દ્વારા લોકો આત્મહિત પામે એવી ભાવના ભાવું છું. એ રીતે દરેક વક્તાએ પોતાની ઉલ્લાસ ભરી શૈલી દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મોન્નતિ કારક પ્રવચનોથી તેમ જ શિક્ષણ–પ્રશિક્ષણ–શિબિરથી પોતાને થયેલ આત્મલાભનો ઉલ્લેખ કર્યો હતો. અંતમાં સંસ્થા વતી ટ્રસ્ટી શ્રી બાબુભાઈ મહેતાએ, દૂર દૂરથી તથા અગવડતાની અવગણના કરીને, પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનોની તેમ જ શિક્ષિણશિબિરમાં ભાગ લેવા આવવાની મહેમાનોની આત્મભાવનાને બિરદાવતા ખાતરી પૂર્વક જણાવ્યું હતું કે મહેમાનોને રહેવાની જે ઘણી મુશ્કેલી પડી રહી છે તે આવતી સાલ નહિ પડે. આવતા શિક્ષણશિબિર પહેલાં અત્રે “પૂજ્ય શ્રી કાનજી સ્વામી વિશ્રાંતિગૃહ ટ્રસ્ટ” નામનું વિશ્રાંતિગૃહ તૈયાર કરવામાં આવશે કે જેથી વધુ ને વધુ મહેમાનો પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પીરસાતા આધ્યાત્મિક–અમૃતનું પાન કરવા આવી શકે.

એ રીતે તા. ૨૧–૭–૭૯ થી તા. ૯–૮–૭૯ સુધીનો શિક્ષણશિબિર તથા પ્રશિક્ષણશિબિર આનંદ પૂર્વક પૂરો થયો હતો.

## [ વૈરાગ્ય સમાચાર.... પાનું ૨૮ થી ચાલુ ]

ઉપરોક્ત સર્વે મુમુક્ષુઓ વર્ષોથી વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મ–ઉદ્ધારક પ્રવચનોનો લાભ લેતા હતા, તેઓને શ્રી વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમજ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અત્યંત શ્રદ્ધા–ભક્તિ હતા. સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગ ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

* જે ઘરમાં પ્રભાતના સમયે આનંદોત્સાહ સહિત સુંદર સુંદર માંગલિક ગીત ગવાતા હોય છે, તે જ ઘરમાં મધ્યાન્હ સમયે દુઃખની સાથે રૂદન સંભળાય છે.

* પ્રભાત સમયે જેની રાજ્યાભિષેકની શોભા દેખવામાં આવે છે તે જ દિવસે તે જ રાજાની ચિતાના ધુમાડા દેખવામાં આવે છે.

* જેનામાં સમસ્ત પ્રકારનો વિચાર કરવાનું સામર્થ્ય છે તથા જેનું પામવું દુર્લભ છે એવા મનુષ્ય જન્મને પામીને પણ જે પોતાનું હિત કરતો નથી તે પોતાનો ઘાત કરવા માટે ઝેરના વૃક્ષની વૃદ્ધિ કરે છે.

( –જ્ઞાનાર્ણવ, અનિત્ય અધિકાર, ગા. ૩૨–૩૩–૨૯ )

## પર્યુષણપર્વ નિમિત્તે પ્રવચન, તત્ત્વચર્ચા તથા ધર્મ-પ્રભાવનાર્થે જુદા જુદા સ્થળે ગયેલાં વાંચનકારોની નામાવલિઃ-

| પંડિતશ્રી | | સ્થળ | પંડિતશ્રી | | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ બાબુભાઈ મહેતા | ફતેપુરા મોટા, | કોટા | ૨૬ કપૂરચન્દજી જૈન | સાગર | ફિરોજાબાદ |
| ૨ હુકમચંદજી ભારિલ્લ | જયપુર | સતના | ૨૭ કૈલાશચન્દજી ,, | અશોકનગર | ડબોકગ્રાન |
| ૩ નેમીચંદજી પાટની | આગ્રા | લલિતપુર | ૨૮ કસ્તૂરચંદજી ,, | બેગમગંજ | છિંદવાડા |
| ૪ હિંમતભાઈ જોબાલિયા | સોનગઢ | અમદાવાદ | ૨૯ કૈલાશચન્દજી ,, | કદપુર | અલવર |
| ૫ જ્ઞાનચંદજી જૈન | વિદિશા | મેરઠ | ૩૦ કુંદનલાલજી ,, | પથરિયા | લકડવાસ |
| ૬ જતીશભાઈ ,, | સનાવદ | અશોકનગર | ૩૧ કેસરીમલજી બંડી | ઇન્દોર | જાવરા |
| ૭ અભયકુમાર ,, | જબલપુર | કલકત્તા | ૩૨ કોમલચન્દજી જૈન | ટડા | દલપતપુર |
| ૮ ડાહ્યાભાઈ સી. મહેતા | અમદાવાદ | મદ્રાસ | ૩૩ કપૂરચન્દજી ,, | કરેલી | લશ્કર |
| ૯ ધન્નાલાલજી જૈન | ગ્વાલિયર | અજમેર | ૩૪ ગોવિન્દદાસ ,, | ખંડેરી | મલકાપુર |
| ૧૦ ડો. પ્રિયંકરજી ,, | નાસિકશહર | બાશીમ | ૩૫ ગોટીલાલજી ,, | પિપરઈગાંવ | બકસ્વાહા |
| ૧૧ કેશરીચંદજી ધવલ | કોથલી | ભુલેશ્વર-મુંબઈ | ૩૬ ગંભીરચંદજી ,, | અલિગંજએટા | એત્માદપુર |
| ૧૨ કનુભાઈ શાહ | દાહોદ | ભોપાલ | ૩૭ ગીરનારીલાલ જૈન | કોલારસ | અમાયન |
| ૧૩ ચીમનભાઈ મોદી | મલાડ | ઘાટકોપર-મુંબઈ | ૩૮ ઘાંસીલાલ જૈન | ગુના | બીના |
| ૧૪ રતનચંદજી ભારિલ્લ | જયપુર | જયપુર | ૩૯ ચીમનભાઈ કામદાર | સોનગઢ | હૈદ્રાબાદ |
| ૧૫ બ્ર. હેમચંદજી ( પિપલાની ) ભોપાલ | | ઇન્દોર | ૪૦ ચંપાલાલ જૈન | લલિતપુર | રાધૌગઢ |
| ૧૬ અભિનંદનકુમાર | જયપુર | નાગપુર | ૪૧ છગનલાલ પહાડિયા | લોહારદા | મહીદપુર |
| ૧૭ નવલભાઈ શાહ | સોનગઢ | લોહારદા | ૪૨ ચિંતામણી જૈન | મૌ | છતરપુર |
| ૧૮ પ્રાણલાલ પી. કામદાર | દાદર | મલાડ-મુંબઈ | ૪૩ ચન્દુભાઈ કોદરલાલ | ફતેપુર | બેંગલોર |
| ૧૯ પૂનમચંદજી છાબડા | ઇન્દોર | જલગાંવ | ૪૪ જવાહરલાલજી જૈન | વિદિશા | શોલાપુર |
| ૨૦ હીરાલાલ બી. જૈન | મુંબઈ | હિંમતનગર | ૪૫ જમકલાલજી ,, | સોનગઢ | તલોદ |
| ૨૧ અમોલકચંદ ,, | અશોકનગર | રતલામ | ૪૬ તારાચન્દજી | ખનિયાધાના | બારાં |
| ૨૨ આત્માનંદજી ,, | ધાનપુરા | ગઢાકોટા | ૪૭ દેવીલાલજી જૈન | ઉદયપુર | ભિન્ડ |
| ૨૩ ઉત્તમચન્દજી ,, | ટોરોડી | વિદિશા | ૪૮ દિપચન્દજી ,, | ઇન્દોર | સનાવદ |
| ૨૪ ઉગ્રસેનજી બંડી | ઉદયપુર | ચન્દેરી | ૪૯ દત્તાત્રય લોખંડે | ભયરવેડે | વસમત |
| ૨૫ કૈલાશચંદજી જૈન | બુલન્દશહર | દહેરાદૂન | ૫૦ ધરમચન્દ જૈન | અશોકનગર | સેમારી |

| પંડિત શ્રી | | સ્થળ |
|---|---|---|
| ૫૧ ધર્મદાસજી જૈન | બડોત | આગ્રા |
| ૫૨ નેમચંદભાઇ | રખીયાલવાળા | દાદર–મુંબઈ |
| ૫૩ નેમીચંદજી શરાફ | મલકાપુર | બારસી |
| ૫૪ નંદકિશોર ગોયલ | વિદિશા | મુરાદાબાદ |
| ૫૫ પન્નાલાલજી જૈન | કરેલી | નાગદા |
| ૫૬ પ્રકાશચંદજી પાંડયા | ઇન્દૌર | ખાતેગાંવ |
| ૫૭ પૂનમચંદ ગાંધી | હિંમતનગર | વડોદરા |
| ૫૮ પ્રહ્લાદજી જૈન | મન્દસૌર | પ્રતાપગઢ |
| ૫૯ પ્રદિપકુમાર ઝાંઝરી | જયપુર | ખંડવા |
| ૬૦ પ્રબોધચન્દ જૈન | છિંદવાડા | મન્ડલા |
| ૬૧ ફૂલચન્દજી ઝાંઝરી | ઉજ્જૈન | સેલૂ |
| ૬૨ બાબુભાઈ જૈન | બરાયઠા | માલથૌન |
| ૬૩ બાબુલાલ એન. મહેતા | ફતેપુરા મોટા | દિલ્લી |
| ૬૪ બાબુલાલજી ટોપીવાલા | બીના | બેગમગંજ |
| ૬૫ ભાનુકુમારજી જૈન | લલિતપુર | ફતેપુર |
| ૬૬ મોતીલાલજી જૈન | આરૌન | ગોરમી |
| ૬૭ માંગીલાલજી જૈન | ગુના | ઉજ્જૈન |
| ૬૮ મધુકર જૈન | જલગાંવ | શિરડશહાપુર |
| ૬૯ મખનલાલજી જૈન | મૌ | અમ્બાહ |
| ૭૦ મણીલાલજી | મુનાઈ | મન્દસૌર |
| ૭૧ મહેન્દ્રકુમાર જૈન | બરાયઠા | સિવની |
| ૭૨ મનુભાઈ શેઠ | બેંગલોર | જાંબૂડી |
| ૭૩ મિશ્રીલાલજી જૈન | ગુના | ખનિયાધાના |
| ૭૪ બ્ર. રમેશચંદ ,, | સોનગઢ | હિંગોલી |
| ૭૫ રમણલાલ ,, | તલોદ | માધવપુરા–અમદાવાદ |
| ૭૬ રામકિશોર ,, | કોટા | ભિન્ડર |
| ૭૭ રાજકિશોર ,, | જયપુર | કુરાવડ |
| ૭૮ રંગલાલજી ,, | કુરાવડ | મૌ |
| ૭૯ રમેશકુમારજી ,, | લલિતપુર | ભિલવાડા |

| પંડિતશ્રી | | સ્થળ |
|---|---|---|
| ૮૦ રાજકુમારજી શાસ્ત્રી | જયપુર | ડોંગરગઢ |
| ૮૧ રમણલાલજી જૈન | રખીયાલ | દાહોદ |
| ૮૨ રાકેશકુમારજી ,, | જયપુર | મંડીબામૌરા |
| ૮૩ લક્ષ્મીચંદજી ,, | કરેલી | કુણ |
| ૮૪ વિનોદકુમાર ,, | જ્વેરા | બડવાહા |
| ૮૫ વેલજીભાઈ | ઉજ્જૈન | રણાસણ |
| ૮૬ શાંતિભાઈ રેવાશંકર | સોનગઢ | લીંબડી |
| ૮૭ શાંતિકુમાર શાસ્ત્રી | મૌ | આરૌન |
| ૮૮ શિખરચંદજી જૈન | બડૌત–આદર્શનગર | જયપુર |
| ૮૯ સુશીલકુમાર ,, | રાધૌગઢ | ઉદયપુર |
| ૯૦ શિખરચંદજી ,, | વિદિશા | મુરાર |
| ૯૧ શુભચન્દજી ,, | વિદિશા | સાગર |
| ૯૨ સાગરચન્દજી ,, | ભોગાંવ | બેડોત |
| ૯૩ સંતોષચન્દજી શાસ્ત્રી | જયપુર | મુંગાવલી |
| ૯૪ શાંતીલાલજી જૈન | મહિદપુર | દેપાલપુર |
| ૯૫ સંતોષકુમાર ,, | સોનગઢ | રખીયાલ સ્ટેશન |
| ૯૬ હેમરાજજી ,, | ભોપાલ | ગંજબાસોદા |
| ૯૭ હીરાલાલ ગંગવાલ | ઇન્દોર | ધાર |
| ૯૮ શ્રેયશકુમારજી | જયપુર | રાંઝી |
| ૯૯ મોતીલાલજી જૈન | કરેલી | બડનગર |
| ૧૦૦ ચન્દુલાલ શાહ | મુંબઈ | અચલપુર કેમ્પ |
| ૧૦૧ કૈલાશચન્દજી પાંડયા | ઇન્દોર | તાશગંજ આગ્રા |
| ૧૦૨ દેવેન્દ્રકુમાર જૈન | શિંગોડી | રામટેક |
| ૧૦૩ અશોકકુમાર ગોરીલાલ | છિંદવાડા | શિંગોડી |
| ૧૦૪ ચંપકલાલ જૈન | દાદર | માલેગાંવ |
| ૧૦૫ સુકનરાજજી લોઢા | સોનગઢ | મુમ્બાદેવી, મુંબઈ |
| ૧૦૬ વિમલચન્દ ઝાંઝરી | ઉજ્જૈન | ગુના |
| ૧૦૭ નરોત્તમદાસ | ખંડેરી | કરીપુર |
| ૧૦૮ રીષમચન્દજી જૈન | મન્દસોર | અલોટ( રાજસ્થાન ) |
| ૧૦૯ વિજયકુમારજી | બરાયઠા | બન્ડા |

[ અનાંદકારી જન્મોત્સવ....... પાના નં. ૩૫ થી ચાલુ ]

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સવારના પ્રવચનમાં પૂજ્ય બહેનશ્રી પધારતાં બેન્ડવાજાના મધુરા સુરથી તથા નભોવ્યાપી જયકારના નાદોથી સમગ્ર સમાજે તેમના પ્રતિ ભક્તિપ્રેરિત સમાદર વ્યક્ત કર્યો હતો. ૬૬ સુશોભિત કમાનોમાંથી તથા પૂજ્ય બહેનશ્રીના ચિત્ર અને વચનામૃતોથી અંકિત રંગબેરંગી ૬૬ ઈલેકટ્રીક લેમ્પ–શેઈડ નીચેથી વૈરાગ્યનીતરતી મહાવિભૂતિને પસાર થતાં દેખીને સકલ સમાજ ભક્તિથી અને આનંદથી થનગની ઊઠયો હતો. આ શુભ પ્રસંગે પ્રશમરસ ઝરતી ગંભીર મુદ્રાયુક્ત બહેનશ્રીનાં ભવ્ય લલાટમાં કેસરનું તિલક કરીને હાર પહેરાવવાનું તથા હીરા–માણેક –મોતીથી વધાવવાનું સૌભાગ્ય નીચે મુજબ છ પરિવારને સાંપડયું હતું.

૧. શ્રી વ્રજલાલ ભાઈલાલ ડેલીવાળા તથા તેમનો પરિવાર. ૨. શ્રી ધીરજલાલ મનસુખલાલ બોરડિયા તથા તેમનો પરિવાર. ૩. શ્રી ભૂપતલાલ જેચંદ દોશીનો પરિવાર, હસ્તેઃ બ્ર. તારાબેન દોશી. ૪. શ્રી લક્ષ્મીબહેન, મુક્તાબહેન, બ્ર. ઇચ્છાબહેન તથા સૂરજબહેન કોટાવાળા–એ ચાર બહેનો. ૫. શ્રી અમુલખ લાલચંદ શેઠ તથા તેમનો પરિવાર અને ૬. શ્રી વ્રજલાલ કસળચંદ સંઘવી તથા તેમનો પરિવાર.

એ રીતે પૂજ્ય ગુરુદેવના મંગલ સાન્નિધ્યમાં વિશાળ મુમુક્ષુ–સમુદાયની ઉપસ્થિતિમાં પૂજ્ય બહેનશ્રીનું અતિ આદરભાવપૂર્ણ બહુમાન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય પ્રસંગ અદ્‌ભૂત તેમ જ આહ્‌લાદકારી હતો. તે પ્રસંગની પૂજ્ય બહેનશ્રીની શમરસસ્યંદી ઉદાસીન નિસ્પૃહ મુદ્રાને પૂજ્ય ગુરુદેવ પણ અહોભાવથી જોઈ રહ્યા હતા. જન્મજયંતીના ઉપલક્ષમાં ચૌદશ પૂનમ તથા બીજના રોજ ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના ચાર પ્રવચનો થયા હતા.

‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચન બાદ માનનીય શ્રી ખીમચંદભાઈ શેઠ તથા શ્રી ચીમનભાઈ મોદીએ પોતાના સંક્ષિપ્ત ભાષણ દ્વારા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે સમાજ વતી શ્રદ્ધાભક્તિ વ્યક્ત કર્યા હતાં.

પાવનકારી જન્મજયંતીની ખુશાલીમાં ‘૬૬’ અંકની તેમ જ વધાવવાની–એમ કુલ લગભગ ૭૫ હજારની રકમો જ્ઞાનપ્રચાર ખાતે જાહેર થઈ હતી. આ બે દિવસના મંગલ ઉત્સવની ખુશાલીમાં શ્રી શાંતાબેન શાંતિલાલ ઝવેરી–મુંબઈવાળા તરફથી સંસ્થા દ્વારા પ્રકાશિત સાહિત્યની અર્ધી કિંમત રાખવામાં આવી હતી.

પૂજ્ય બહેનશ્રીના ઘરે કૃપાળુ પૂજ્ય ગુરુદેવના આહારના આહ્‌લાદકારી

પ્રસંગ પછી શ્રી ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમના મનફુલા–સ્વાધ્યાય–ભવનના ચોકમાં સમસ્ત મુમુક્ષુમંડળ તથા મહેમાનો પૂજ્ય બહેનશ્રીના દર્શન કરવા–અભિવાદન કરવા આવ્યાં હતાં. આત્માર્થબોધક કંઈક મંગળ વચનો સંભળાવવાની વિનંતી થતાં પૂજ્ય બહેનશ્રીએ પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપકાર–મહિમા વ્યક્ત કરીને જ્ઞાયકસ્વભાવનું તળસ્પર્શી માર્મિક સંબોધન કર્યું હતું.

આ જન્મમહોત્સવની ખુશાલીમાં રક્ષાબંધનના દિવસે સ્વ. શ્રી હેમકુંવરબેન કામાણી તરફથી તથા જન્મજયંતીના દિવસે શ્રી સવિતાબેન રણછોડદાસ બરવાળાવાળા તરફથી સકલ સંઘને વાત્સલ્યભોજન આપવામાં આવ્યું હતું.

શ્રી કુંદકુંદ–કહાન દિગંબર જૈન ભજનમંડળી, ઘાટકોપર તરફથી ‘પ્રભુભક્તિ’ ની કેસેટ બહાર પાડવામાં આવી હતી તથા દરેક પ્રસંગે તેમના દ્વારા ભક્તિ–કાર્યક્રમો રજુ થયા હતા.

જન્મજયંતીના રોજ રાત્રે મહિલા–મુમુક્ષુવૃંદમાં બ્રહ્મચારી બહેનોએ પૂજ્ય બહેનશ્રીનાં જીવનના કેટલાક વિવિધ પ્રસંગો વિશેનું ભક્તિરૂપક રજુ કર્યું હતું.

આ રીતે ભક્તહૃદયોના માનસપટ પર આહ્લાદકારી સ્મરણો અંકિત કરતો આ “૬૬” મો જન્મજયંતી મહોત્સવ સુવર્ણપુરીમાં આનંદોલ્લાસ પૂર્વક પૂર્ણતાને પામ્યો હતો.

## * જિનવાણી-શ્રવણની પાત્રતા કેળવ *

ચોરાશીના ભવભ્રમણ છોડાવનારી, ત્રણલોકના નાથની વાણી સાંભળવા આવે તેને દેવ–શાસ્ત્ર–ગુરુનો કેટલો વિનય જોઈએ? સ્વર્ગેથી ઇન્દ્રાદિ દેવો ભગવાનની વાણી કેટલા વિનય ભક્તિ ને નરમાશથી સાંભળે છે. જિનવાણી સાંભળતી વખતે શાસ્ત્રનો વિનય ને બહુમાન રાખવા જોઈએ. શાસ્ત્રને નીચે મુકાય નહિ, શાસ્ત્ર ઉપર કોણીનો ટેકો દેવાય નહિ, પગ ઉપર પગ ચડાવીને શાસ્ત્ર–શ્રવણ કરવા બેસાય નહિ, રૂમાલ કે પાના આદિથી હવા ખવાય નહિ, ઝોલા ખવાય નહિ, પ્રમાદથી બેસાય નહિ વિગેરે વિગેરે કેટલાય વિનય–બહુમાન–ભક્તિ હોય ત્યારે તો જિનવાણી શ્રવણની પાત્રતા છે. વ્યવહાર પાત્રતા જેમ છે તેમ જાણવી જોઈએ.

# આનંદકારી જન્મોત્સવ

શ્રાવણ વદ બીજ મુમુક્ષુ હૃદયોમાં અનેકવિધ આનંદોર્મિના સરવડાં વરસાવતી આવી ને ગઈ. તે મંગલમય દિવસ, પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જન્મજયંતીથી પાવન થયો હોવાથી, મુમુક્ષુ સમાજ માટે આનંદોત્સવનો અનેરો તહેવાર છે. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૬ મી જન્મજયંતીનો મંગલ મહોત્સવ સુવર્ણપુરી વિષે શ્રાવણ સુદ પૂનમ તથા ( એકમનો ક્ષય ) વદ બીજના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીની કલ્યાણવર્ષિની મંગલ છત્રછાયા તળે લગભગ ૨૫૦૦ મુમુક્ષુ સમુદાયની ઉપસ્થિતિમાં ખૂબ જ હર્ષોલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

આ માંગલિક મહોત્સવના ઉપલક્ષમાં શ્રાવણ સુદ ૧૩ થી 'શ્રી પંચપરમેષ્ઠી–મંડલ–વિધાન પૂજા' સકલ સંઘે હર્ષોલ્લાસથી વિધિપૂર્વક કરી હતી. આ મંડલ વિધાનપૂજા લીંબડીનિવાસી શ્રી કાંતાબેન હિંમતલાલ ડેલીવાળા તરફથી રાખવામાં આવી હતી.

રક્ષાબંધન પર્વના સુપ્રભાતથી બન્ને દિવસ શ્રી ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમનું નભમંડળ ચોઘડિયાવાદનથી તથા પ્રસંગોચિત સુમધુરાં મંગલ ગીતોથી ગૂંજતું હતું. શ્રી જિનમંદિર, પરમાગમમંદિર તથા આશ્રમ વિદ્યુતદીપાવલિઓથી શણગારવામાં આવ્યાં હતાં.

શ્રાવણ વદ બીજ–૬૬ મી જન્મજયંતીના આ મંગલ દિવસે વહેલાં પ્રભાતમાં ૬૬ ઘંટનાદ અને આનંદભેરી સાથ જન્મવધાઈનાં સુમધુર ગીતોથી, જયકારના ગગનભેદી નાદોથી તથા પૂજ્ય બહેનશ્રીનાં પાવન દર્શનાર્થે ઊમટેલા મહિલા–સમુદાયના ધસારાથી આશ્રમનું વાતાવરણ આનંદવિભોર થઈ ગયું હતું.

જિનમંદિરમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાનપૂજાની પૂર્ણાહુતિ કરીને સકલ સમાજ પરમાગમમંદિરમાં–પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રવચનસભામાં–પૂજ્ય બહેનશ્રીની થનારી બહુમાનવિધિને નીરખવા માટે એકત્ર થઈ ગયો હતો. પુષ્કળ ભીડ જામી હતી. પરમાગમમંદિર માનવસમુદાયથી ઉભરાઈ ગયું હતું.

[ અનુસંધાન માટે જુઓ પાના નં. ૩૩ ]

[ પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૬ મી જન્મજયંતી પ્રસંગે ગવાયેલું ]

# હા લ ર ડું

( રાગ : કોઈનો લાડકવાયો... )

કુંવરીને ખમા ખમા કરતી, માતા જ્ઞાનામૃત પાતી...
**'धम्मो मंगलमुक्किट्ठं'**ના મંગલ પાઠો ભણતી;
માતા નિજ કુંવરીને પ્રેમે ધર્મામૃત નિત પાતી.... કુંવરીને૦ ૧.
શાન્ત વદન નિર્મળ નયનોમાં આત્મા ઉજ્જવળ જોતી;
'ધર્મરત્ન' થાશે મુજ કુંવરી-ભણકારા અનુભવતી.... કુંવરીને૦ ૨.
અખંડ-આનંદ ધ્રુવ-પદ તારું, હાલરડાં શુભ ગાતી;
સિદ્ધપણાને સાધો કુંવરી-આશિષ મંગલ દેતી.... કુંવરીને૦ ૩.
જ્યોતિષીએ જ્યોતિષ જોયાં, આ કુંડળી કોઈ ન્યારી;
વિદેહની વિભૂતિ આવી, અદ્‌ભુત મંગળકારી.... કુંવરીને૦ ૪.
આ કુંવરી છે સીમંધરનાં સ્મરણો ઉર ધરનારી;
કહાનગુરુ તીર્થંકર થાશે-જિનધુનિમાં સુણનારી..... કુંવરીને૦ ૫.
નિર્મળ હૃદયી, અલ્પભાષિની, મિષ્ટ-વચન વદનારી;
અલિપ્ત રહેશે પરભાવોથી, નિજાનંદ રમનારી.... કુંવરીને૦ ૬.
સીમંધરના નંદ પધાર્યા, શી પુણ્યાવલિ જાગી!
ઝૂલો ઝૂલો લાડલી મારી, આજે હું બડભાગી....... કુંવરીને૦ ૭.
શાન્ત શીતળ પરમાણુ જગના આવી વસ્યા તુજ તનમાં;
ઉપશમ-રસ-અવતાર, જ્ઞાનસાગર ઊછળે અંતરમાં.... કુંવરીને૦ ૮.
ચિરં જીવો! ચિરં જીવો! જગદંબા ભવતારી;
સ્વાનુભૂતિ-મતિશ્રુતલબ્ધિથી વિશ્વ ઉજાળનહારી.... કુંવરીને૦ ૯.

**જાણ્યે-અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય તે સર્વેની આત્મધર્મ-પરિવાર ક્ષમા માંગે છે.-તંત્રી**

તંત્રી : પુરુષોત્તમદાસ શીવલાલ કામદાર પ્રત : ૩૫૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ [ વાર્ષિક લવાજમ રૂા. ૬= ૦૦ ]